ગુરૂવાર, 29 જાન્યુઆરી, 2026 મહા સુદ એકાદશી
“વડોદરાથી પ્રસિદ્ધ થતું નિડર અને નિષ્પક્ષ અખબાર”
ન્યાય ક્ષેત્રે વડોદરા રહેશે.




# દૈનિક પલ્સ

દૈનિક પલ્સ સાથે આગળ રહો....

માલિક, મુદ્રક, પ્રકાશક, તંત્રી : પ્રકાશ જગદીશ રાવલ ❋ મો :૯૯૦૯૯૧૧૧૭૫ ❋ RNI NO : GJGUJ/25/A1447 ❋ Vist : www.dailypulse.org.in
રજીસ્ટર ઑફિસે : ૧૧/૩ સિદ્ધેશ્વર હોલમાર્ક, અજવા રોડ, વડોદરા ૩૯૦૦૧૯ ❋ Follow : @dailypulsenews24 ❋ દૈનિક સોશ્યિલ આવૃત્તિ ❋ કિંમત : મફત

## નાણા મંત્રી નિર્મલા સીતારમણ આજે સંસદમાં દેશનો 'ઈકોનોમિક સર્વે-2026' રજૂ કરશે

કેન્દ્રીય નાણા મંત્રી નિર્મલા સીતારમણ આજે એટલે કે 29 જાન્યુઆરીએ સંસદના ટેબલ પર દેશની અર્થવ્યવસ્થાનું વાર્ષિક રિપોર્ટ કાર્ડ એટલે કે 'ઇકોનોમિક સર્વે' રજૂ કરશે. દર વર્ષે બજેટના એક દિવસ પહેલા રજૂ કરવામાં આવતો આ દસ્તાવેજ અત્યંત મહત્વપૂર્ણ માનવામાં આવે છે, કારણ કે તે દેશની વાસ્તવિક આર્થિક સ્થિતિ અને ભવિષ્યના રોડમેપની ઝલક આપે છે. ઇકોનોમિક સર્વેમાં પાછલા એક વર્ષમાં ભારતે મેળવેલી આર્થિક સિદ્ધિઓ, GDP વૃદ્ધિદર, મોંઘવારીની સ્થિતિ અને રાજકોષીય ખાધ (Fiscal Deficit) જેવા મહત્વના આંકડાઓનો સમાવેશ થાય છે. આ અગાઉના વર્ષના આર્થિક સર્વેક્ષણમાં ભારતની ઇકોનોમી 6.3% થી 6.8% ની ઝડપે વધવાનો આશાસ્પદ અંદાજ મૂકવામાં આવ્યો હતો. સાથે જ એ વાત પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો હતો કે જો ભારત 2047 સુધીમાં 'વિકસિત ભારત' બનવાનું લક્ષ્ય હાંસલ કરવા માંગતું હોય, તો તેણે આગામી બે દાયકા સુધી સતત 8% ના દરે વિકાસ કરવો અનિવાર્ય છે. આ મહત્વપૂર્ણ દસ્તાવેજ નાણા મંત્રાલયના ઇકોનોમિક અફેર્સ ડિપાર્ટમેન્ટ (Economic Affairs Department) ના ઇકોનોમિક ડિવિઝન દ્વારા તૈયાર કરવામાં આવે છે. આ સમગ્ર પ્રક્રિયાની આગેવાની દેશના ચીફ ઇકોનોમિક એડવાઇઝર (CEA) ડો. વી અનંત નાગેશ્વરન કરે છે. આ સર્વે અર્થવ્યવસ્થા માટે માર્ગદર્શક તરીકે કામ કરે છે, જે સૂચવે છે કે કયા ક્ષેત્રમાં પ્રોત્સાહનની જરૂર છે અને કયા પડકારો અર્થતંત્રને અવરોધી રહ્યા છે. ઐતિહાસિક પરિપ્રેક્ષ્યમાં જોઈએ તો, ભારતનો પ્રથમ ઇકોનોમિક સર્વે વર્ષ 1950-51 માં રજૂ કરવામાં આવ્યો હતો. તે સમયે તે કેન્દ્રીય બજેટનો જ એક અભિન્ન ભાગ હતો. જોકે, 1964 થી આ પદ્ધતિમાં ફેરફાર કરવામાં આવ્યો અને તેને બજેટથી અલગ કરીને બજેટના એક દિવસ પહેલા રજૂ કરવાની પરંપરા સ્થાપિત થઈ. નોંધનીય છે કે સરકાર ઇકોનોમિક સર્વેમાં આપવામાં આવેલા સૂચનો કે ભલામણો માનવા માટે કાયદાકીય રીતે બંધાયેલી નથી. તેમ છતાં, મોટાભાગે સરકાર સર્વેના તારણોને ધ્યાનમાં રાખીને જ બજેટની જાહેરાતો અને યોજનાઓ તૈયાર કરતી હોય છે. આ સર્વે દ્વારા વિદેશી રોકાણકારો અને આર્થિક નિષ્ણાતોને ભારતની અર્થવ્યવસ્થાની મજબૂતીનો અંદાજ મળે છે. આજના સર્વેમાં ભારતની અર્થવ્યવસ્થા કયા દરે આગળ વધશે અને સામાન્ય માણસને મોંઘવારીમાંથી કેટલી રાહત મળશે તેના સંકેતો મળવાની પૂરી શક્યતા.




**નાણા મંત્રી નિર્મલા સીતારમણ આજે સંસદમાં ઇકોનોમિક સર્વે રજૂ કરશે. બજેટના એક દિવસ પહેલા આવતો આ રિપોર્ટ દેશની આર્થિક સ્થિતિનું વાર્ષિક રિપોર્ટ કાર્ડ છે, જેમાં GDP વૃદ્ધિ અને મોંઘવારીના અંદાજો સાથે ભવિષ્યના રોડમેપની વિગતો રજૂ કરવામાં આવે છે.**

## 5 વર્ષથી ફરાર પૂર્વ પોલીસકર્મી રિક્ષા ચલાવતા ઝડપાયો

**દૈનિક પલ્સ સમાચાર:** વડોદરામાં કાયદાના રક્ષક જ ભક્ષક બન્યા હોય તેવો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. પૂર્વ પોલીસ કર્મચારી નિલેશ શ્રીવિશાલ પત્નીને ભરણપોષણ ન આપવું પડે તે માટે પાંચ વર્ષથી સરકારી ચોપડે ફરાર છે. પીડિત મહિલાના જણાવ્યા મુજબ, ગોધરામાં કોન્સ્ટેબલ તરીકે ફરજ બજાવતા નિલેશે ઘરકંકાસ અને ભરણપોષણના કેસ બાદ નોકરી છોડી રિક્ષા ચલાવવાનું શરૂ કર્યું હતું.

મહિલાએ છેલ્લા 15 વર્ષથી ન્યાય માટે ધક્કા ખાધા છે. તેણે પોલીસ કમિશનર સમક્ષ પુરાવા રજૂ કરતા જણાવ્યું કે પતિ ફરાર હોવા છતાં શહેરમાં રિક્ષા ચલાવી રહ્યો છે અને તેણે છૂટાછેડા લીધા વિના બીજા લગ્ન પણ કરી લીધા છે. મહિલાએ રિક્ષા ચલાવતા પતિના વીડિયો અને ફોટા જાતે મેળવી પોલીસને સોંપ્યા છે. બીજી તરફ, મકરપુરા પોલીસનું કહેવું છે કે આરોપી તેના રહેણાંક સ્થળે મળી આવતો નથી અને તેની શોધખોળ ચાલુ છે. પત્નીએ પોલીસ પર સહકાર ન આપવાનો આક્ષેપ કર્યો છે.




## MSU કોમર્સ ફેકલ્ટીમાં કેન્ટીન ફરી શરૂ થતા વિવાદ: આંદોલનની ચીમકી

**દૈનિક પલ્સ સમાચાર:** એમ.એસ. યુનિવર્સિટીની કોમર્સ ફેકલ્ટીમાં યુનિટ બિલ્ડિંગની કેન્ટીન ફરી શરૂ થતા જ સત્તાધીશો અને વિદ્યાર્થી નેતાઓ સામસામે આવી ગયા છે. ઉલ્લેખનીય છે કે 2022માં આ કેન્ટીન પાસે થયેલી મોટી મારામારીની ઘટના બાદ સુરક્ષાના કારણોસર તેને બંધ કરવામાં આવી હતી. તે સમયે હિંસા રોકવામાં નિષ્ફળ રહેલી યુનિવર્સિટીએ વિદ્યાર્થીઓને રસ્ટ્રીકેટ પણ કર્યા હતા. હવે ફરીથી કેન્ટીન શરૂ કરાતા વિદ્યાર્થીઓમાં ભયનો માહોલ છે. વિદ્યાર્થી નેતા પંકજ જયસ્વાલે રજૂઆત કરી છે કે કેન્ટીન શરૂ કરતા પહેલા કેમ્પસમાં બહારના તત્વોનો પ્રવેશ રોકવો જરૂરી છે. કેન્ટીન પરિસરમાં સીસીટીવી કેમેરાનો અભાવ હોવાથી કોઈપણ અનિચ્છનીય ઘટના બને તો તેની જવાબદારી કોણ લેશે તેવો પ્રશ્ન ઉઠાવવામાં આવ્યો છે. વિદ્યાર્થીઓએ માંગ કરી છે કે જો કોઈને ઈજા થશે તો તેની જવાબદારી ડીન અને વાઈસ ચાન્સલરે લેવી પડશે.

બીજી તરફ, આ કેન્ટીનનો કોન્ટ્રાક્ટ આપવાની પદ્ધતિ પણ શંકાના દાયરામાં છે. ચર્ચા છે કે યુનિવર્સિટીના એક ઉચ્ચ અધિકારીના નજીકના વ્યક્તિને આ કોન્ટ્રાક્ટ લહાણીમાં આપવામાં આવ્યો છે. વિદ્યાર્થીઓએ ચીમકી આપી છે કે જો તેમની સુરક્ષાની માંગણીઓ સંતોષવામાં નહીં આવે, તો ગુજરાત સરકારના કોમન એક્ટના નિયમોના આધારે તેઓ ઉગ્ર લડત આપશે. વર્ષ 2022ની ઘટના બાદ જે રીતે રસ્તાઓ બંધ કરાયા હતા, તેવી સ્થિતિ ફરી ન સર્જાય તે માટે વિદ્યાર્થીઓ સતર્ક છે.



**એમ.એસ. યુનિવર્સિટીની કોમર્સ ફેકલ્ટીમાં યુનિટ બિલ્ડિંગની કેન્ટીન ફરી શરૂ થતા વિદ્યાર્થી સંગઠનોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. વર્ષ 2022માં થયેલી હિંસક મારામારી બાદ આ કેન્ટીન બંધ કરવામાં આવી હતી. વિદ્યાર્થી નેતા પંકજ જયસ્વાલનો આક્ષેપ છે કે કેમ્પસમાં આઈ-કાર્ડ ચેકિંગ અને સીસીટીવીની પૂરતી સુરક્ષા વિના કેન્ટીન શરૂ કરવી જોખમી છે. વધુમાં, યુનિવર્સિટીના ઉચ્ચ અધિકારીના અંગત વ્યક્તિને નિયમો નેવે મૂકીને કોન્ટ્રાક્ટ અપાયો હોવાના આક્ષેપ સાથે ઉગ્ર આંદોલનની ચીમકી ઉચ્ચારવામાં આવી છે.**

## સાવલી: માતા ભાગોળમાં ગટરના પાણીનો આતંક, પાલિકા તંત્ર નિષ્ફળ

**દૈનિક પલ્સ સમાચાર:** સાવલી નગરપાલિકાની ઘોર બેદરકારી અને વહીવટી નિષ્ફળતાનો વધુ એક નમૂનો માતા ભાગોળ વિસ્તારમાં જોવા મળી રહ્યો છે. અહીની ગટર વ્યવસ્થા સંપૂર્ણપણે પડી ભાંગી છે અને છેલ્લા ઘણા સમયથી ગંદા પાણી ઉભરાઈને રસ્તા પર ફરી વળ્યા છે. નગરપાલિકાના ભ્રષ્ટ અને આળસુ તંત્રને કારણે રહીશો નરકાગાર જેવી સ્થિતિમાં જીવવા મજબૂર બન્યા છે. સમગ્ર વિસ્તારમાં ફેલાયેલી દુર્ગંધ અને ગંદકીના કારણે માખી-મચ્છરોનો ઉપદ્રવ વધ્યો છે, જે મોટા રોગચાળાને આમંત્રણ આપી રહ્યો છે. આ સમસ્યાથી કંટાળીને આજે માતા ભાગોળ વિસ્તારની મહિલાઓ રસ્તા પર ઉતરી આવી હતી અને નગરપાલિકાના શાસકો સામે પોતાનો ફિટકાર વર્ષાવ્યો હતો. મહિલાઓએ આક્ષેપ કર્યો કે, અનેકવાર લેખિત અને મૌખિક રજૂઆતો કરવા છતાં ચીફ ઓફિસર કે અન્ય જવાબદાર અધિકારીઓ સ્થળ તપાસ કરવાની પણ તસ્દી લેતા નથી. ગટરના પાણી ઘરો સુધી પહોંચી રહ્યા છે, જે રહેવાસીઓ



માટે શારીરિક અને માનસિક ત્રાસ સમાન છે. આ મામલે કોંગ્રેસના કોર્પોરેટરે પણ મેદાને આવી નગરપાલિકાના શાસકો પર આકરા પ્રહારો કર્યા છે. તેમણે જણાવ્યું કે, નગરપાલિકા માત્ર મોટા વચનો અને જાહેરાતોમાં જ વ્યસ્ત છે, જનતાની પાયાની જરૂરિયાતો પૂરી કરવામાં તેમને કોઈ રસ નથી. સાવલી નગરના આ વિસ્તારમાં બાળકો અને વૃદ્ધો ગંદા પાણીમાં લપસી રહ્યા છે, અકસ્માતો થઈ રહ્યા છે, છતાં તંત્ર ઘોર નિદ્રામાં છે. વિપક્ષે આક્ષેપ કર્યો છે કે સત્તાધારી પક્ષ માત્ર પોતાનો રોફ જમાવવામાં વ્યસ્ત છે અને પ્રજાની સમસ્યાઓ પ્રત્યે સંવેદનહીન બની ગયો છે.

## ડભોઈ: સરકારી ક્વાર્ટર્સ ભયજનક, અસામાજિક તત્વોનો આતંક

**દૈનિક પલ્સ સમાચાર:** ડભોઇમાં માર્ગ અને મકાન વિભાગની ઘોર બેદરકારીનો પર્દાફાશ થયો છે. એસટી ડેપોની બિલકુલ સામે આવેલી સરકારી ક્વાર્ટર્સની ઈમારતો અત્યારે 'ભૂતિયા બંગલા' જેવી ભયાનક ભાસી રહી છે. 30 વર્ષ જૂના આ આવાસોને જર્જરિત જાહેર કર્યા પછી તેને તોડી પાડવાની કે નવા બનાવવાની તસ્દી તંત્રએ લીધી નથી. પરિણામે, આ જગ્યા હવે ગુનાહિત પ્રવૃત્તિઓનું એપીસેન્ટર બની ગઈ છે.

નશાખોરો અને અસામાજિક તત્વોએ અહીં કાયમી ધામા નાખ્યા છે. બંધ ક્વાર્ટર્સમાંથી નળ, બારીઓ અને દરવાજાની મોટા પાયે ચોરી થઈ રહી છે, જે સરકારી તિજોરીને સીધું નુકસાન છે. બીજી તરફ, સરકારી કર્મચારીઓ પોતાના હકના આવાસોથી વંચિત રહી ખાનગી મકાનોમાં મોંઘા ભાડા ચૂકવવા મજબૂર બન્યા છે.

સૌથી મોટો પ્રશ્ન એ છે કે શહેરની આટલી કિંમતી મિલકતને અસામાજિક તત્વોના હવાલે કેમ કરી દેવામાં આવી છે? કેમ હજુ સુધી જૂની ઈમારત તોડીને નવીન બાંધકામ શરૂ કરાયું નથી? 'પ્રવેશ નિષેધ'ના બોર્ડ લગાવીને તંત્ર પોતાની લાચારી છુપાવી રહ્યું હોય તેમ લાગે છે. જો આ ભયજનક ઈમારત કોઈ રાહદારી પર પડે તો તેની જવાબદારી કોની રહેશે? ડભોઇની જનતા અને કર્મચારીઓ હવે આ ગંભીર મુદ્દે કાયમી ઉકેલની માંગ કરી રહ્યા છે.




**ડભોઇમાં માર્ગ અને મકાન વિભાગના જર્જરિત ક્વાર્ટર્સમાં અસામાજિક તત્વોનો જમાવડો. કિંમતી સામાનની ચોરી અને તંત્રની ઘોર બેદરકારી.**

સમાચાર અને જાહેરાત માટે સંપર્ક કરો ૯૯૦૯૯૧૧૧૭૫

# RTO પાસે મશીનો જ નથી: સફેદ LED લાઈટ પરિપત્ર માત્ર દેખાડો

## RTO: સાધનો વગર સફેદ LED લાઇટ સામેનો પરિપત્ર નિષ્ફળ

**દૈનિક પલ્સ સમાચાર:** અમદાવાદ સહિત સમગ્ર રાજ્યમાં વાહન ચાલકો માટે માથાના દુખાવા સમાન બનેલી સફેદ LED લાઇટો મુદ્દે એક મોટું કૌભાંડ જેવી સ્થિતિ સામે આવી છે. સરકાર દ્વારા નિયમો તો લાદી દેવાયા છે પણ RTO પાસે આ લાઇટોની તીવ્રતા માપવા માટે એક પણ આધુનિક મશીન ઉપલબ્ધ નથી. 'લક્સ મીટર' વગર લાઈટ કેટલી તેજ છે તે સાબિત કરવું કાયદાકીય રીતે મુશ્કેલ છે, જેના કારણે નિયમ તોડનારા બેફામ બન્યા છે.
પૂર્વ અધિકારીઓના જણાવ્યા મુજબ, માત્ર નરી આંખે જોઈને કોઈના પર દંડ ઠોકી શકાય નહીં, તેને કોર્ટમાં પડકારી શકાય છે. આ પરિસ્થિતિ 'દીવા તળે અંધારું' જેવી છે, જ્યાં સરકારે પરિપત્ર બહાર પાડીને પોતાની જવાબદારી ખંખેરી લીધી, પણ જમીની સ્તરે અધિકારીઓ લાચાર છે. આ ટેકનિકલ ખામીને કારણે રાત્રિ દરમિયાન હાઈવે અને શહેરના રસ્તાઓ પર અકસ્માતનું જોખમ સતત વધી રહ્યું છે. સાધનો ખરીદવામાં થતો વિલંબ બતાવે છે કે સરકારને જનતાના જીવ કરતા કાગળ પરની કામગીરીમાં વધુ રસ છે. જો તાત્કાલિક મશીનો પૂરા પાડવામાં નહીં આવે, તો આ પરિપત્ર પણ અન્ય નિષ્ફળ યોજનાઓની યાદીમાં જોડાઈ જશે.
**રિપોર્ટ : ભાવેશ રાઠોડ**



**રાજ્યમાં વાહનોની સફેદ LED લાઇટ સામેનો સરકારી પરિપત્ર માત્ર મજાક બની ગયો છે. RTO પાસે લાઇટની તીવ્રતા માપવા માટે 'લક્સ મીટર' જેવા સાધનો જ નથી. સાધનો વગર કાયદાનો અમલ કેવી રીતે થશે? આ તો દીવા તળે અંધારું!**

# અજિત પવાર પ્લેન ક્રેશ: મહારાષ્ટ્રમાં શોકનું મોજું

**દૈનિક પલ્સ સમાચાર:** મહારાષ્ટ્રના લોકપ્રિય નેતા અને નાયબ મુખ્યમંત્રી અજિત પવારનું બારામતી પાસે વિમાન દુર્ઘટનામાં નિધન થયું છે. આ સમાચાર વાયુવેગે ફેલાતા જ સમગ્ર દેશમાં શોકનું વાતાવરણ છવાઈ ગયું છે. વિગતો મુજબ, અજિત પવાર એક કાર્યક્રમ માટે હવાઈ માર્ગે મુસાફરી કરી રહ્યા હતા ત્યારે બારામતીમાં લેન્ડિંગ વખતે તેમનું વિમાન અકસ્માતનો ભોગ બન્યું હતું. વિમાન રન-વે પર ઉતરતી વખતે જ આગના ગોળામાં ફેરવાઈ ગયું હતું, જેને કારણે અંદર સવાર કોઈને પણ બચવાની તક મળી નહોતી.
આ દુર્ઘટનામાં કુલ 5 લોકોએ જીવ ગુમાવ્યા છે. દિલ્હીથી વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ગૃહમંત્રી અમિત શાહે આ ઘટનાની ગંભીર નોંધ લીધી છે. તેમણે મહારાષ્ટ્રના મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસનો સંપર્ક કરી અકસ્માત અંગે વિગતો મેળવી હતી. મુખ્યમંત્રી ફડણવીસે પણ પોતાના સાથી નેતા ગુમાવ્યા બદલ ઊંડા દુઃખની લાગણી વ્યક્ત કરી છે. અજિત પવારના વતન બારામતીમાં લોકો રસ્તા પર ઉતરી આવ્યા છે અને શોક પાળી રહ્યા છે. ઉચ્ચ સ્તરીય તપાસના આદેશો આપવામાં આવ્યા છે કે આ પ્લેન ક્રેશ પાછળ ટેકનિકલ ખામી હતી કે અન્ય કોઈ કારણ. મહારાષ્ટ્ર સરકારે આગામી દિવસો માટે શોક જાહેર કરવાની તૈયારીઓ શરૂ કરી



# વડોદરા NH-48 પર ગમખ્વાર અકસ્માત: કારની ટક્કરે બાઈક ચાલકનું મોત

**દૈનિક પલ્સ સમાચાર:** વડોદરા નેશનલ હાઇવે 48 પર સુંદરપુરા ગામ પાસે હૃદયદ્રાવક અકસ્માતની ઘટના ઘટી છે. કાયાવરોહણના કાર ચાલક ભાવેશ ગાંધી જ્યારે પોતાના પુત્રના લગ્નની કંકોત્રી વહેંચવા જઈ રહ્યા હતા, ત્યારે કાળમુખી કારે એક બાઈકને પાછળથી જોરદાર ટક્કર મારી હતી. આ ટક્કર એટલી પ્રચંડ હતી કે બાઈક ચાલક ફંગોળાઈને રસ્તા પર પડ્યો હતો અને કાર તથા બાઈક બંને રસ્તાની બાજુમાં પલટી ખાઈ ગયા હતા. સીસીટીવી ફૂટેજમાં કેદ થયેલી આ ઘટના હૃદય હચમચાવી દે તેવી છે. આ અકસ્માતમાં કોટેશ્વર ગામના મુકેશ ચૌહાણનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું. જ્યારે બાઈક પર સવાર 42 વર્ષીય રજની પટેલને શરીરે ગંભીર ઇજાઓ પહોંચી હતી. ઈજાગ્રસ્ત રજની પટેલને તુરંત સયાજી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા, પરંતુ તેમની સ્થિતિ વધુ ગંભીર જણાતા તેમને ખાનગી હોસ્પિટલમાં રીફર કરવામાં આવ્યા છે. હાલમાં તેઓ જીવન-મરણ વચ્ચે ઝોલા ખાઈ રહ્યા છે. બીજી તરફ, જે ઘરમાં લગ્નની તૈયારીઓ ચાલતી હતી તે પરિવારના સભ્ય દ્વારા સર્જાયેલા આ અકસ્માતે અન્ય એક નિર્દોષ પરિવારને મોભી છીનવી લીધો છે. કપુરાઈ પોલીસે ઘટનાસ્થળે પહોંચી પંચનામું કરી મૃતક મુકેશ ચૌહાણના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે સયાજી હોસ્પિટલ મોકલી આપ્યો હતો. પોલીસે અકસ્માત કરનાર કાર ચાલક વિરુદ્ધ તપાસ શરૂ કરી છે. હાઇવે પર વાહનોની ગતિ પર નિયંત્રણ ન રહેતા આવા અકસ્માતોની સંખ્યા વધી રહી છે, જે ચિંતાનો વિષય છે. પોલીસે બંને વાહનો કબજે લીધા છે અને સીસીટીવી ફૂટેજના આધારે અકસ્માતનું સચોટ કારણ જાણવા તજવીજ હાથ ધરી છે. આ ઘટનાએ કોટેશ્વર અને કાયાવરોહણ પંથકમાં અરેરાટી ફેલાવી દીધી છે.

**વડોદરા નેશનલ હાઇવે 48 પર સુંદરપુરા પાસે કારે બાઈકને ટક્કર મારતા ગમખ્વાર અકસ્માત સર્જાયો છે. આ ઘટનામાં બાઈક ચાલક મુકેશ ચૌહાણનું મોત થયું છે, જ્યારે અન્ય એક વ્યક્તિ ગંભીર રીતે ઇજાગ્રસ્ત છે. લગ્નની કંકોત્રી વહેંચવા નીકળેલા કાર ચાલકે બાઈકને પાછળથી ટક્કર મારી હતી.**

# ખોખરા: મિલ્કત સબંધી ગુનાના આરોપીની પાસા હેઠળ અટકાયત

**દૈનિક પલ્સ સમાચાર:** અમદાવાદમાં કાયદો અને વ્યવસ્થા જાળવવાના ભાગરૂપે ખોખરા પોલીસે મોટી કાર્યવાહી હાથ ધરી છે. શહેરના દાણીલીમડા વિસ્તારમાં રહેતા ૨૧ વર્ષીય શખ્સ ઘનશ્યામ ઉર્ફે ચુનીલાલ ભીલની પાસા (PASA) હેઠળ અટકાયત કરવામાં આવી છે. આ આરોપી વિરુદ્ધ ખોખરા તેમજ કૃષ્ણનગર પોલીસ સ્ટેશનમાં મિલ્કત સબંધી ગંભીર ગુનાઓ નોંધાયેલા હતા.
સતત ગુનાહિત પ્રવૃત્તિઓમાં સંડોવાયેલા હોવાથી પોલીસ કમિશનર, અમદાવાદ શહેર દ્વારા તેની વિરુદ્ધ પાસાની દરખાસ્ત મંજૂર કરવામાં આવી હતી. આ હુકમના આધારે ૨૮ જાન્યુઆરી ૨૦૨૬ના રોજ રાત્રે ૨૨:૦૦ કલાકે આરોપીની અટકાયત કરી તેને તાત્કાલિક અસરથી વડોદરા મધ્યસ્થ જેલ ખાતે ધકેલી દેવામાં આવ્યો છે. આ સમગ્ર ઓપરેશન ખોખરા પોલીસ સ્ટેશનના પી.આઈ. બી.પી. સાવલીયા અને પી.એસ.આઈ. એસ.એ. ઝાલા સહિતના સ્ટાફ દ્વારા પાર પાડવામાં આવ્યું હતું. આ કાર્યવાહીથી સ્થાનિક વિસ્તારોમાં ગુનાખોરી પર લગામ આવશે તેવી આશા સેવાઈ રહી છે. **રિપોર્ટ : સાજીદખાન પઠાણ**



# MGVCLની બેદરકારી: વડોદરામાં ચાલુ લાઈને વીજકર્મી દાઝ્યો

**દૈનિક પલ્સ સમાચાર:** વડોદરામાં MGVCLના ભ્રષ્ટ અને બેદરકાર વહીવટનો વધુ એક ભોગ નિર્દોષ વીજકર્મી બન્યો છે. અટલાદરામાં વીજ લાઈન રિપેર કરવા ચડેલા 45 વર્ષીય મહેશભાઈ વાણીયાને ચાલુ લાઈને જોરદાર શોક લાગ્યો હતો. કરંટ એટલો ભયાનક હતો કે વીજપોલ પર આગ લાગી અને મહેશભાઈ પીઠના ભાગે ગંભીર રીતે દાઝી ગયા.
ઘટના સમયે હાજર લોકો લાચાર બનીને 'બિચારો ક્યારનો હલે છે, લાકડું મારો' તેવી બૂમો પાડતા રહ્યા હતા. આશ્ચર્યની વાત એ છે કે મેન્ટેનન્સ સમયે લાઈન બંધ કેમ ન કરવામાં આવી? એક લાઈન ચાલુ રાખીને કર્મચારીને મોતના માંચડે ચડાવનાર અધિકારીઓ સામે કેમ કોઈ પગલાં લેવાતા નથી? વડોદરામાં અવારનવાર આવી ઘટનાઓ બને છે, જેમાં ક્યારેક કર્મચારી જીવ ગુમાવે છે તો ક્યારેક અપંગ બને છે. MGVCLની આ 'ખૂની' બેદરકારીની ઉચ્ચ સ્તરીય તપાસ થશે કે પછી દર વખતની જેમ ભીનું સંકેલી લેવાશે?

# વડોદરા: પોલીસ સ્ટેશન સામે યુવકની આંતરડા કાઢી કરાઈ હત્યા

**દૈનિક પલ્સ સમાચાર:** વડોદરા શહેરના પાણીગેટ વિસ્તારમાં ગત રાત્રે જે કરપીણ હત્યાકાંડ સર્જાયો, તેણે સમગ્ર ગુજરાતને હચમચાવી નાખ્યું છે. કાયદાના રક્ષકો જ્યાં બેસે છે તે પોલીસ સ્ટેશનની સામે જ હત્યારા વિશાલ કહારે 'તાંડવ' મચાવ્યું હતું. મોહંમદ હુસૈન સૈયદ નામના યુવકને જાહેરમાં પાંચથી વધુ છરાના ઘા મારીને રહેંસી નાખવામાં આવ્યો. આ ખૂની ખેલ એટલો ભયાનક હતો કે ઈજાગ્રસ્તના આંતરડા બહાર નીકળી ગયા હતા.
દુર્ઘટનાના જે વીડિયો સામે આવ્યા છે તેમાં સ્પષ્ટ દેખાય છે કે લોકો જ્યારે યુવકને બચાવવાનો પ્રયાસ કરતા હતા ત્યારે હેવાન બનેલો વિશાલ કહાર ફરી ફરીને તેના પર તૂટી પડતો હતો. મૃતકના ત્રણ વર્ષ પહેલા છૂટાછેડા થયા હતા અને આરોપી તેની પૂર્વ પત્ની સાથે રહેતો હોવાની વિગતો સામે આવી છે. આ અંગત અદાવતમાં પોલીસ સ્ટેશનની જરાય લાજ રાખ્યા વગર ખૂન કરવામાં આવ્યું.
પોલીસે ગણતરીના કલાકોમાં આરોપીને ઝડપીને બે દિવસના રિમાન્ડ મેળવ્યા છે, પરંતુ આ કાર્યવાહીથી પેલા પરિવારનો મોભી પાછો નહીં આવે. આ ઘટના વડોદરા પોલીસની પેટ્રોલીંગ અને ખબરી તંત્રની નિષ્ફળતાની ચાડી ખાય છે. જો પોલીસ સ્ટેશનની સામે જ છરાબાજી થતી હોય, તો શહેરના અવાવરુ વિસ્તારોની હાલત શું હશે? કાયદો અને વ્યવસ્થાના ધજાગરા ઉડાડતી આ ઘટનાએ પોલીસની આબરૂના પણ લીરેલીરા ઉડાડ્યા છે.

# વડોદરા: રિટાયર્ડ PSIના પુત્રનો દારૂ પીને આતંક, પોલીસનો રોફ

**દૈનિક પલ્સ સમાચાર:** વડોદરાના અકોટા વિસ્તારમાં રિટાયર્ડ પોલીસ અધિકારીના પુત્રએ નશાની હાલતમાં મચાવેલી ધમાલ તંત્ર અને ખાખીની છબી ખરડી રહી છે. વિરેન્દ્રસિંહ ઝાલા નામનો આ નબીરો નંબર પ્લેટ વગરની ક્રિયા કારમાં પોલીસની લાઈટો અને પ્લેટ લગાવીને રસ્તા પર નીકળ્યો હતો. મનીષા ચોકડી પાસે ઉભેલા યુવાનોને "ગાળો ખાવી છે કે ડંડાવાળી કરું?" કહી ધમકાવનાર આ શખ્સ એટલી હદે નશામાં હતો કે તેનાથી લથડિયા ખવાતા હતા.
જાગૃત નાગરિકોએ જ્યારે તેનો વિડિયો બનાવવાનું શરૂ કર્યું ત્યારે તે ભાગ્યો હતો, પરંતુ 112 જનરક્ષક વાને તેને ઝડપી પાડ્યો. મેડિકલ રિપોર્ટમાં પણ દારૂનો નશો હોવાની પુષ્ટિ થઈ છે. સવાલ એ થાય છે કે, જો કોઈ સામાન્ય માણસ આ હાલતમાં હોત તો પોલીસે અત્યાર સુધી તેનો વરઘોડો કાઢી નાખ્યો હોત. પરંતુ અહીં રિટાયર્ડ PSIના પુત્ર અને પિતા બંનેએ જાહેરમાં દાદાગીરી કરી હોવા છતાં કાર્યવાહીમાં ઢીલાશ કેમ? શું પોલીસના પરિવારોને કાયદાનું ઉલ્લંઘન કરવાની છૂટ છે?

# ખેડા: મહેમદાવાદ-મહુધા રોડ પર કરોડોના ખર્ચે બનેલા રસ્તે ભ્રષ્ટાચારનો ડામર ઉખળ્યો

**દૈનિક પલ્સ સમાચાર:** ખેડા જિલ્લાના મહેમદાવાદ થી મહુધાને જોડતો મુખ્ય માર્ગ અત્યારે ભ્રષ્ટાચારનું જીવતું જાગતું સ્મારક બની ગયો છે. સરકાર દ્વારા કરોડો રૂપિયાના આંધણ બાદ પણ જનતાને મળ્યા છે માત્ર ખાડા અને હાલાકી. વડોદરાના જાગૃત નાગરિક નિખિલ પટેલના રિપોર્ટ અનુસાર, આ રોડ માંડ 6 થી 8 મહિના પહેલા જ નવો બનાવવામાં આવ્યો હતો. પરંતુ ભ્રષ્ટ કોન્ટ્રાક્ટર દ્વારા હલકી કક્ષાનું મટીરિયલ અને ઓછી ગુણવત્તાવાળો ડામર વાપરતા રોડની મજબૂતીના લીરેલીરા ઉડી ગયા છે. રસ્તા પરથી કપચી ઉખડીને વાહનચાલકોના મોઢા પર વાગે છે અને ખાડાઓને કારણે વાહનોના ટાયર ફાટી જવાની કે અકસ્માતની ઘટનાઓ રોજિંદી બની છે.
સૌથી વધુ હાલાકી મહુધા પંથકના ખેડૂતોને થઈ રહી છે, જેમના ખેતરો આ માર્ગ પર આવેલા છે. ખેતીના સાધનો લઈને નીકળતા ખેડૂતોને હવે આ રસ્તેથી પસાર થતા ડર લાગે છે. સ્થાનિકોનો સીધો આક્ષેપ છે કે અધિકારીઓ અને કોન્ટ્રાક્ટરની મીલીભગતથી જનતાના કરોડો રૂપિયા લૂંટાયા છે. અધિકારીઓને આ નબળા કામ વિશે રજૂઆત કરવામાં આવી છતાં, એસી ઓફિસોમાં બેઠેલા સાહેબોને જનતાની પીડા દેખાતી નથી. જ્યારે રોડ બનતો હતો ત્યારે ગુણવત્તા તપાસવાની જવાબદારી જે અધિકારીઓની હતી, તેઓ અત્યારે મૌન કેમ છે? આ રોડ પર થતા અકસ્માતોમાં જો કોઈનો જીવ જશે, તો તેની જવાબદારી કોની? શું સરકાર આ નબળા કામ બદલ જવાબદાર અધિકારીઓ અને કોન્ટ્રાક્ટરની મિલકતો જપ્ત કરીને રોડનું ફરીથી કામ કરાવશે? જનતાની એક જ માંગ છે કે આ કૌભાંડની ઉચ્ચ સ્તરીય તપાસ થાય અને હાલ તુરંત રોડને મજબૂત બનાવી વાહનચાલકોને અકસ્માતથી બચાવવામાં આવે. આવા ભ્રષ્ટ વહીવટને કારણે જ સરકારની છબી ખરડાઈ રહી છે.

**ખેડા જિલ્લામાં વિકાસના નામે વિનાશના દ્રશ્યો સામે આવ્યા છે. મહેમદાવાદ થી મહુધાને જોડતો કરોડોના ખર્ચે બનેલો નવો રોડ માત્ર 6 મહિનામાં જ જર્જરિત થઈ ગયો છે. હલકી ગુણવત્તાનું મટીરિયલ અને ભ્રષ્ટ કોન્ટ્રાક્ટરની કરામતને કારણે આજે રસ્તા પર કપચી અને ખાડાઓનું સામ્રાજ્ય છે. વાહનચાલકો અને ખેડૂતો જીવના જોખમે પસાર થવા મજબૂર છે. માર્ગ મકાન વિભાગના અધિકારીઓને રજૂઆત છતાં કોઈ પગલાં ન લેવાતા સાબિત થાય છે કે ભ્રષ્ટાચારના મૂળ ઊંડા છે. શું સરકાર આ 'ખાડાકીય' વિકાસના જવાબદારોને જેલભેગા કરશે?**

# વડોદરા જિલ્લા ભાજપના નવા પ્રમુખ માટે સેન્સ પ્રક્રિયા શરૂ



**દૈનિક પલ્સ સમાચાર:** વડોદરા જિલ્લા ભાજપના નવા સુકાનીની શોધ શરૂ થઈ છે. પૂર્વ પ્રમુખ રસિકભાઈ પ્રજાપતિને પ્રદેશ સંગઠનમાં જવાબદારી સોંપાયા બાદ ખાલી પડેલા પદ માટે સર્કિટ હાઉસ ખાતે નિરીક્ષકોએ સેન્સ લેવાની પ્રક્રિયા હાથ ધરી છે. શશીકાંત પંડ્યા, વર્ષાબેન દોશી અને રમેશભાઈ દોશીની ટીમે ધારાસભ્યો સાથે ચર્ચા કરી હતી. ધારાસભ્યોએ કોઈ પણ જૂથબંધી વિના સંગઠનને ગતિશીલ રાખે તેવા નેતાની પસંદગી કરવા પર ભાર મૂક્યો છે.

# મહંત સ્વામી જન્મજયંતી: વડોદરામાં રચાશે બે ગિનિસ વર્લ્ડ રેકોર્ડ



**દૈનિક પલ્સ સમાચાર:** BAPSના આધ્યાત્મિક વડા પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજનો 92મો જન્મજયંતી મહોત્સવ 2 ફેબ્રુઆરી, 2026ના રોજ વડોદરામાં ઉજવાશે. આ મહોત્સવમાં બાળકો દ્વારા શ્લોક મુખપાઠ અને મંદિર નિર્માણના વારસા બદલ બે ગિનિસ વર્લ્ડ રેકોર્ડ્સ અર્પણ કરાશે. 14 દેશોના 13 હજાર NRI સહિત બે લાખથી વધુ ભક્તોની હાજરીમાં ગુજરાત અને મધ્યપ્રદેશના મુખ્યમંત્રીઓની વિશેષ ઉપસ્થિતિ રહેશે. 14,000 સ્વયંસેવકો તૈયારીઓને આખરી ઓપ આપી રહ્યા છે.

# વડોદરા: જાંબુવા હાઈવે પર કાર-બાઈક અકસ્માત, 1નું મોત



**દૈનિક પલ્સ સમાચાર:** નેશનલ હાઈવે 48 પર જાંબુવા પાસે કાર અને બાઇક વચ્ચે ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. કાયાવરોહણના ભાવેશ ગાંધી પોતાના પુત્રના લગ્નની કંકોત્રીના કામે વડોદરા જઈ રહ્યા હતા, ત્યારે કાર પરનો કાબૂ ગુમાવતા બાઇકને અડફેટે લીધું હતું. અકસ્માતમાં વડસરના મુકેશ ચૌહાણનું ઘટનાસ્થળે જ મોત થયું છે, જ્યારે પાછળ બેસેલા રજની પટેલને ગંભીર ઇજાઓ પહોંચતા હોસ્પિટલ ખસેડાયા છે.

# માધવપુર ઘેડ: કોળી સમાજનો 45મો ભવ્ય સમૂહ લગ્નોત્સવ અખાત્રીજે યોજાશે

## માધવપુર: કોળી સમાજનો 45મો સમૂહ લગ્નોત્સવ 19 એપ્રિલે

**દૈનિક પલ્સ સમાચાર:** શ્રી કૃષ્ણ–રુક્મિણી વિવાહની પવિત્ર ભૂમિ માધવપુર (ઘેડ) ખાતે 45મો સમસ્ત કોળી સમાજ સમૂહ લગ્નોત્સવ યોજાવા જઈ રહ્યો છે. આગામી 19 એપ્રિલ 2026, અખાત્રીજના પવિત્ર દિવસે યોજાનારા આ મહોત્સવમાં આશરે 100 જેટલા યુગલો લગ્નગ્રંથિથી જોડાશે. ધારાસભ્ય ભગવાનજીભાઈ કરગટિયાના માર્ગદર્શન હેઠળ છેલ્લા ચાર દાયકાથી આ પ્રવૃત્તિ ચાલી રહી છે, જેનો મુખ્ય હેતુ આર્થિક રીતે નબળા પરિવારોને મદદરૂપ થવાનો અને સમાજમાંથી ખોટા ખર્ચાઓ તેમજ કુરિવાજો નાબૂદ કરવાનો છે.

તાજેતરમાં મળેલી બેઠકમાં સમાજ શ્રેષ્ઠીઓની ઉપસ્થિતિમાં આયોજનને આખરી ઓપ અપાયો હતો. આ લગ્નોત્સવમાં જોડાતા દંપતીઓને વિવિધ દાતાઓ દ્વારા કરિયાવર રૂપે ઘરવખરીની સામગ્રી અર્પણ કરવામાં આવે છે. ઉલ્લેખનીય છે કે, માધવપુર કોળી સમાજ દ્વારા આધુનિક લાઈબ્રેરી અને જનતા તાવડો જેવી અનેક લોકપયોગી સેવાઓ પણ ચલાવવામાં આવે છે. સ્પર્ધાત્મક પરીક્ષામાં સફળ થયેલા યુવાનોનું આ મંચ પર સન્માન પણ કરવામાં આવે છે.

લગ્ન માટેના ફોર્મ ભરવાની પ્રક્રિયા 1 ફેબ્રુઆરી 2026, રવિવારના રોજ સવારે 9 વાગ્યાથી માધવપુર કોળી સમાજ વાડી ખાતે શરૂ થશે. ઉમેદવારોએ વર-કન્યાના આધારકાર્ડ, જન્મના દાખલા અને રેશનકાર્ડ જેવા અસલ દસ્તાવેજો સાથે લાવવાના રહેશે. વધુ વિગતો માટે પ્રમુખ રમેશભાઈ કરગટિયાનો સંપર્ક કરી શકાય છે.




**માધવપુર (ઘેડ) ખાતે આગામી 19 એપ્રિલ 2026, અખાત્રીજે સમસ્ત કોળી સમાજનો 45મો સમૂહ લગ્નોત્સવ યોજાશે. ધારાસભ્ય ભગવાનજીભાઈ કરગટિયાના માર્ગદર્શન હેઠળ યોજાનારા આ મહોત્સવ માટે 1 ફેબ્રુઆરીએ નોંધણી પ્રક્રિયા હાથ ધરાશે. આ આયોજનનો હેતુ કુરિવાજો દૂર કરી આર્થિક મદદ કરવાનો છે. રિપોર્ટ : હરેશ ભરડા**

# કોટાની દીકરી ફબેહા અત્તારિયાને થાઈલેન્ડમાં ગોલ્ડ મેડલ

**દૈનિક પલ્સ સમાચાર:** રાજસ્થાનના કોટા શહેરની દીકરી ફબેહા અત્તારિયાએ આંતરરાષ્ટ્રીય સ્તરે સુવર્ણ ચંદ્રક જીતીને ભારતનું મસ્તક ઊંચું કર્યું છે. થાઈલેન્ડમાં આયોજિત "હીરોઝ કપ 2026" આંતરરાષ્ટ્રીય તાઈકવાન્ડો ચેમ્પિયનશિપમાં ફબેહાએ પોતાની પ્રતિભા સાબિત કરી છે. 24 જાન્યુઆરીએ યોજાયેલી આ સ્પર્ધામાં તેણીએ ગોલ્ડ મેડલ જીતીને સાબિત કરી દીધું છે કે મહેનત અને દ્રઢ નિશ્ચયથી કોઈપણ લક્ષ્ય પ્રાપ્ત કરી શકાય છે.

ફબેહાએ ફાઈનલ સુધીની સફરમાં પાકિસ્તાન, ઓસ્ટ્રેલિયા અને યજમાન થાઈલેન્ડના કડક હરીફોને હરાવ્યા હતા. તેના ચોક્કસ પ્રહાર અને ચપળતા સામે આંતરરાષ્ટ્રીય ખેલાડીઓ ટકી શક્યા નહોતા. શબ્બીર ભાઈની પુત્રીની આ ઉપલબ્ધિએ માત્ર તેના પરિવારને જ નહીં પરંતુ સમગ્ર રાજ્યના રમતપ્રેમીઓને ગૌરવ અપાવ્યું છે. આ જીત પર કોટામાં ઉત્સવ જેવો માહોલ છે. રમતપ્રેમીઓનું કહેવું છે કે ફબેહાએ મર્યાદિત સંસાધનો છતાં વિશ્વ સ્તરે મેડલ જીતીને પોતાની પ્રતિભાનો પરિચય આપ્યો છે. ફબેહાની આ સફળતા પાછળ તેના કોચની તાલીમ અને તેના માતા-પિતાનો અતૂટ સહયોગ રહ્યો છે. કોટા પહોંચતા જ આ હોનહાર ખેલાડીનું ભવ્ય સન્માન કરવામાં આવશે. આ જીત આગામી સ્પર્ધાઓ માટે ફબેહાના આત્મવિશ્વાસને વધુ મજબૂત કરશે.

**રિપોર્ટ : સાજીદખાન પઠાણ**




# ગુજરાત ATS ની મોટી સફળતા: નવસારીમાંથી ઝડપાયો શંકાસ્પદ આતંકી

**દૈનિક પલ્સ સમાચાર:** ગુજરાતમાં મોટી આતંકી ઘટનાને અંજામ આપવાનું કાવતરું ગુજરાત ATS એ નિષ્ફળ બનાવ્યું છે. નવસારીના ઝારાવાડમાંથી ઝડપાયેલ ફૈઝાન શેખ આતંકી સંગઠનો અલ-કાયદા અને જૈશ-એ-મોહમ્મદના પાકિસ્તાની આકાઓના સંપર્કમાં રહી જિહાદી પ્રવૃત્તિઓ ચલાવતો હતો. તેની પાસેથી એક પિસ્તોલ અને જીવતા કારતૂસ સાથે ૨૯ પાનાનું વાંધાજનક સાહિત્ય જપ્ત કરવામાં આવ્યું છે.

ATS ની પૂછપરછમાં ચોંકાવનારા ખુલાસા થયા છે. ફૈઝાન મૌલાના મસૂદ અઝહરના ઉશ્કેરણીજનક વીડિયો જોઈને કટ્ટરપંથી બન્યો હતો. તેના મોબાઈલ અને ઇન્સ્ટાગ્રામ હેન્ડલ પરથી લાલ કિલ્લા પર અન્ય ઝંડો ફરકાવવાની વાત અને દિલ્હીના મહાનુભાવોની હત્યા કરવાની ધમકી આપતી પોસ્ટ મળી આવી છે. પયગંબર સાહેબની શાનમાં ગુસ્તાખી કરનારાઓને નિશાન બનાવી 'લોન વુલ્ફ' એટેક કરવાનું તેનું ભયાનક કાવતરું હતું.

આરોપી ફૈઝાન વોન્ટેડ આતંકી અબુ બકર સાથે સતત ચેટિંગ કરતો હતો. કોર્ટે તેના ૧૨ દિવસના રિમાન્ડ મંજૂર કર્યા છે, જેમાં ATS એ દિશામાં તપાસ કરશે કે તેને હથિયારો અને આર્થિક મદદ કોણે પૂરી પાડી હતી. આ સિવાય, ગુજરાત કે ઉત્તર પ્રદેશમાં તેના અન્ય કોઈ સાથીદારો સ્લીપર સેલ તરીકે સક્રિય છે કે કેમ તે અંગે પણ ઝીણવટભરી તપાસ હાથ ધરવામાં આવી રહી છે. રાજ્યમાં સંભવિત ખતરો ટળતા તંત્રએ રાહતનો શ્વાસ લીધો છે.

**રિપોર્ટ : કેતન મહેતા**



**ગુજરાત ATS એ નવસારીના ઝારાવાડમાંથી અલ-કાયદા અને જૈશ-એ-મોહમ્મદની વિચારધારા ધરાવતા ફૈઝાન શેખની ધરપકડ કરી છે. તેની પાસેથી પિસ્તોલ, કારતૂસ અને જિહાદી સાહિત્ય મળી આવ્યું છે. આરોપી પાકિસ્તાની આતંકી આકાઓના સંપર્કમાં રહી દેશમાં 'લોન વુલ્ફ' હુમલા કરવાનું કાવતરું ઘડી રહ્યો હોવાનું ખૂલ્યું છે.**

# કનડા કેર: ૧૮૮૩ના શહીદોની શૌર્યગાથા અને શ્રદ્ધાંજલિ

**દૈનિક પલ્સ સમાચાર:** જૂનાગઢના ઇતિહાસમાં ૨૮ જાન્યુઆરી, ૧૮૮૩ની તારીખ સુવર્ણ અક્ષરે નહીં પણ લોહીથી લખાયેલી છે. મેંદરડા નજીક કનડા ડુંગર પર સર્જાયેલો આ હત્યાકાંડ ગુજરાતનો પ્રથમ સંગઠિત હત્યાકાંડ ગણાય છે. બ્રિટિશ હકુમતના દબાણ હેઠળ નવાબ દ્વારા લાદવામાં આવેલા આકરા કરના વિરોધમાં મહિયા રાજપૂતોએ શસ્ત્રો ત્યાગી સત્યાગ્રહનો માર્ગ અપનાવ્યો હતો. જોકે, આ શાંત વિરોધનો અંત અત્યંત ભયાનક રહ્યો હતો. બ્રિટિશ અધિકારીઓ સાથેના ઘર્ષણમાં ૮૦થી વધુ મહિયા રાજપૂત યોદ્ધાઓ શહીદ થયા હતા. નિર્દયતાની હદ તો ત્યારે વટાવી દેવામાં આવી જ્યારે શહીદોના માથા ધડથી અલગ કરી ગાડાઓમાં ભરી જૂનાગઢ લાવવામાં આવ્યા. ઝવેરચંદ મેઘાણીએ આ ઘટનાને 'કનડાના રીસામણાં' તરીકે સાહિત્યમાં સ્થાન આપ્યું છે. આજે ૧૪૩ વર્ષ બાદ પણ કનડા ડુંગર પર ઉભેલા સ્મારક સ્તંભો (ખાંભીઓ) આ બહાદુરીના સાક્ષી છે. દર વર્ષે ૨૮ જાન્યુઆરીએ ક્ષત્રિય સમુદાય અહીં એકત્ર થઈ, દીવો પ્રગટાવી અને સિંદૂર અર્પણ કરી પોતાના પૂર્વજોની શહાદતને નમન કરે છે. **રિપોર્ટ : હરેશ ભરડા**




# અંકલેશ્વર: ઢોરના ત્રાસ સામે તંત્ર લાચાર, પોલીસની મદદ લેવાઈ

**દૈનિક પલ્સ સમાચાર:** અંકલેશ્વરની જનતા માટે રખડતા ઢોર એ રોજીંદી આફત બની ગઈ છે. વારંવારની રજૂઆતો અને અકસ્માતોમાં થતા મોતના આંકડા બાદ આખરે નોટિફાઇડ એરિયા ઓથોરિટીએ પોલીસના જોરે પશુઓ પકડવાનું અભિયાન છેડ્યું છે. પરંતુ આ કામગીરી તંત્રની નિષ્ફળતાની કબૂલાત સમાન છે. જ્યારે સામાન્ય જનતા રસ્તા પરથી પસાર થતા ડરે છે, ત્યારે આ અધિકારીઓ એસી કેબિનોમાં સુરક્ષિત બેઠા હતા.

પોલીસ બંદોબસ્ત સાથે પશુ પકડવા નીકળવું એ સાબિત કરે છે કે સ્થાનિક પશુપાલકો સામે તંત્ર વામણું છે. વર્ષોથી GIDC ના માર્ગો પર આખલાઓના યુદ્ધ ખેલાય છે, અનેક લોકો અપંગ થયા છે, છતાં ઓથોરિટીએ અત્યાર સુધી કોઈ નક્કર આયોજન કર્યું નથી. હવે જ્યારે જનરોષ ફાટી નીકળ્યો છે, ત્યારે વહેલી સવારે ઓપરેશન પાર પાડીને 'એક્શન પ્લાન'ના નામે વાહવાહી લૂંટવાનો પ્રયાસ થઈ રહ્યો છે. માત્ર ઢોર જપ્ત કરવાથી સમસ્યા હલ નહીં થાય. પશુપાલકો વિરુદ્ધ કડક ફોજદારી ગુના નોંધવાની હિંમત તંત્ર કેમ નથી બતાવતું? શું રાજકીય દબાણ હેઠળ માત્ર પશુઓને ડબ્બે પૂરીને સંતોષ માની લેવાશે? નોટિફાઇડ ઓથોરિટીની આ કામગીરી લોકલોકાર્થે ઓછી અને કાગળ પર વધુ દેખાય છે. જો ખરેખર સુરક્ષા આપવી હોય તો આ ઝુંબેશ લોકપ્રિયતા મેળવવા માટે નહીં પણ કાયમી ઉકેલ માટે હોવી જોઈએ.

**રિપોર્ટ : કેતન મહેતા**



# આમોદ મામલતદાર ડૉ. મયુર વરિયાનું રાજ્ય કક્ષાએ સર્વોચ્ચ સન્માન

**દૈનિક પલ્સ સમાચાર:** ભરૂચ જિલ્લાના આમોદ મામલતદાર ડૉ. મયુર વરિયાએ રાજ્ય સ્તરે જિલ્લાનું નામ રોશન કર્યું છે. ચૂંટણી પ્રક્રિયામાં ઉત્કૃષ્ટ અને પારદર્શક કામગીરી બદલ તેમને સર્વોચ્ચ રાજ્ય કક્ષાના એવોર્ડથી નવાજવામાં આવ્યા છે. ગાંધીનગર ખાતે આયોજિત ૧૬મા 'રાષ્ટ્રીય મતદાતા દિવસ'ની ઉજવણી પ્રસંગે આયોજિત કાર્યક્રમમાં રાજ્યપાલ આચાર્ય દેવવ્રતના હસ્તે તેમને 'શ્રેષ્ઠ સહાયક ચૂંટણી નોંધણી અધિકારી' તરીકેનું સન્માન એનાયત કરવામાં આવ્યું હતું.

ડૉ. મયુર વરિયાએ ચૂંટણી પંચ દ્વારા સોંપવામાં આવેલી એસ.આઈ.આર. (SIR) કામગીરીને અત્યંત ગંભીરતાથી લઈ મતદાર યાદીના આધુનિકીકરણમાં સિંહફાળો આપ્યો હતો. તેમણે ઘર દીઠ સર્વેની કામગીરી સુચારૂ રીતે પૂર્ણ કરી હતી અને ભૂલરહિત યાદી તૈયાર કરવામાં પોતાની કુશળતા બતાવી હતી. તેમની આ અથાગ મહેનત અને ટીમ વર્કને કારણે જ આજે તેમને રાજ્ય સ્તરે આ ગૌરવ પ્રાપ્ત થયું છે.

ગાંધીનગરના સ્પીપા ખાતે યોજાયેલા આ કાર્યક્રમમાં તેમને પ્રશસ્તિપત્ર આપી બિરદાવવામાં આવ્યા ત્યારે આમોદ મામલતદાર કચેરી અને ભરૂચ જિલ્લા કલેક્ટર કચેરીના અધિકારીઓમાં પણ આનંદની લહેર જોવા મળી હતી. આ એવોર્ડ માત્ર એક વ્યક્તિનું સન્માન નથી, પરંતુ સમગ્ર જિલ્લાના ચૂંટણી તંત્રની નિષ્ઠાનું પ્રમાણ છે. આમોદના નાગરિકો અને સાથી અધિકારીઓ દ્વારા ડૉ. વરિયા પર શુભેચ્છાઓનો વરસાદ થઈ રહ્યો છે.

**રિપોર્ટ : કેતન મહેતા**



**આમોદના મામલતદાર ડૉ. મયુર વરિયાને રાજ્ય કક્ષાના સર્વોચ્ચ એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા છે. ગાંધીનગર ખાતે આયોજિત 'રાષ્ટ્રીય મતદાતા દિવસ'ના સમારોહમાં રાજ્યપાલ આચાર્ય દેવવ્રતના હસ્તે તેમને શ્રેષ્ઠ સહાયક ચૂંટણી નોંધણી અધિકારી તરીકે પ્રશસ્તિપત્ર એનાયત કરાયું હતું. આ સિદ્ધિથી ભરૂચ જિલ્લાના વહીવટી તંત્રનું ગૌરવ વધ્યું છે.**

# ભરૂચ કોન્સ્ટેબલ આપઘાત: દગાબાજ પ્રેમી સંદીપ ગોહિલ ઝડપાયો


**દૈનિક પલ્સ સમાચાર:** શિસ્ત અને કાયદાનું પાલન કરાવતી ભરૂચ પોલીસમાં જ દગાબાજીનો એક એવો કિસ્સો સામે આવ્યો છે જેણે સમગ્ર ખાખીને શરમાવી દીધી છે. મહિલા કોન્સ્ટેબલ પ્રીતિ પરમારના આત્મહત્યા કેસમાં તપાસ કરતા જાણવા મળ્યું કે તેની પાછળ અન્ય કોઈ નહીં પણ તેનો પ્રેમી અને સાથી પોલીસકર્મી સંદીપ ગોહિલ જ જવાબદાર હતો. પ્રીતિને પ્રેમની જાળમાં ફસાવી લગ્નના સપના બતાવનાર સંદીપે અંતે 'સામાજિક કારણો'નું બહાનું ધરી હાથ ખંખેરી લીધા હતા. આ માનસિક ત્રાસ અને ધોકાધડી સહન ન થતા પ્રીતિએ પોતાના જ આવાસમાં આત્મહત્યા કરી લીધી. પોલીસે મોબાઈલ ડેટાના આધારે સંદીપ વિરુદ્ધ આપઘાતની દુષ્પ્રેરણાનો ગુનો નોંધી તેની ધરપકડ કરી છે. જે વિભાગ પર જનતાની સુરક્ષાની જવાબદારી છે, ત્યાં જ એક મહિલા કર્મચારી પોતાના સહકર્મીના શારીરિક-માનસિક શોષણનો શિકાર બનીને જીવ ગુમાવે, તે વહીવટી તંત્રની નિષ્ફળતાની પરાકાષ્ઠા છે. શું આવા ગુનેગાર પોલીસકર્મીને કડક સજા મળશે કે પછી ખાખી તેને બચાવવા મેદાને આવશે?

**રિપોર્ટ : કેતન મહેતા**

**ભરૂચ પોલીસ હેડક્વાર્ટર્સમાં મહિલા કોન્સ્ટેબલના આપઘાતે પોલીસ તંત્રની આંતરિક ગંદકીને સપાટી પર લાવી દીધી છે. ૨૧મી જાન્યુઆરીએ ગળે ફાંસો ખાનાર પ્રીતિ પરમારના કેસમાં તેનો પ્રેમી અને સહકર્મી સંદીપ ગોહિલ જ વિલન નીકળ્યો. દોઢ વર્ષ સુધી લગ્નના ખોટા વચનો આપી છેલ્લી ઘડીએ દગો દેતા પ્રીતિએ મોતને વ્હાલું કર્યું. બી-ડિવિઝન પોલીસે આખરે સંદીપની ધરપકડ કરી જેલભેગો કર્યો છે. સવાલ એ થાય છે કે શિસ્તના પાઠ ભણાવતા પોલીસ વિભાગમાં જ આવા 'કામચોર' અને 'દગાબાજ' તત્વો ક્યાં સુધી પાંગરશે?**

# અંકલેશ્વર: સારંગપુરમાં શ્રીમદ્ ભાગવત સપ્તાહની ભવ્ય ઉજવણી

**દૈનિક પલ્સ સમાચાર**: અંકલેશ્વરના સારંગપુર સ્થિત મારૂતીધામ સોસાયટીમાં આયોજિત શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞમાં શ્રદ્ધા અને ભક્તિનો અપૂર્વ સંગમ જોવા મળ્યો હતો. અંકલેશ્વર પાલ સમાજ જન સેવા ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા આ ધાર્મિક મહોત્સવનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. વૃંદાવનથી પધારેલા કથાકાર શાસ્ત્રી કુંતી બઘેલની અમૃતવાણીમાં ભગવાનની લીલાઓ સાંભળી શ્રદ્ધાળુઓ ભાવવિભોર બન્યા હતા. કથાના મંગલ પ્રારંભથી જ ભક્તોનો ઉત્સાહ જોવા જેવો હતો. શાસ્ત્રીજીએ ભાગવતજીના ગૂઢ રહસ્યોને સરળ શૈલીમાં સમજાવી માનવ જીવનમાં ભક્તિનું મહત્વ સમજાવ્યું હતું. દરરોજ યોજાતી આરતી અને ભજન સંધ્યામાં મોટી સંખ્યામાં ભાઈ-બહેનો ઉમટી પડ્યા હતા. ખાસ કરીને કૃષ્ણ જન્મોત્સવના દિવસે સમગ્ર મારૂતીધામ સોસાયટી નંદઘર બની ગઈ હોય તેવા દ્રશ્યો સર્જાયા હતા. રુક્ષ્મણી વિવાહના પ્રસંગે પણ ભક્તોએ ભક્તિના તાલે ગરબે ઘૂમીને આનંદ વ્યક્ત કર્યો હતો. ટ્રસ્ટના હોદ્દેદારોએ જણાવ્યું હતું કે, સમાજના ઉત્થાન અને લોકોમાં સનાતન ધર્મ પ્રત્યે જાગૃતિ આવે તે માટે આ ભક્તિમય કાર્યક્રમ યોજાયો હતો. કથાના અંતિમ દિવસે મહાપ્રસાદ અને ભંડારાનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં મોટી સંખ્યામાં ગ્રામજનો અને શ્રદ્ધાળુઓએ લાભ લીધો હતો. આ કથાના માધ્યમથી પાલ સમાજે એકતા અને ભક્તિનો ઉત્તમ સંદેશ પૂરો પાડ્યો હતો.



**ઔદ્યોગિક નગરી અંકલેશ્વરના સારંગપુર સ્થિત મારૂતીધામ સોસાયટીમાં ભક્તિમય માહોલ જોવા મળ્યો હતો. અંકલેશ્વર પાલ સમાજ જન સેવા ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા આયોજિત શ્રીમદ્ ભાગવત સપ્તાહમાં વૃંદાવનથી પધારેલા શાસ્ત્રી કુંતી બઘેલના મુખે કથાનું રસપાન કરાવવામાં આવ્યું હતું. કથા દરમિયાન કૃષ્ણ જન્મોત્સવ અને રુક્ષ્મણી વિવાહ જેવા પ્રસંગોની ધામધૂમથી ઉજવણી કરવામાં આવી હતી. આ આયોજનનો મુખ્ય હેતુ સમાજમાં આધ્યાત્મિક જાગૃતિ અને સંસ્કારોનું સિંચન કરવાનો હતો. મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓએ કથા અને ભંડારાનો લાભ લઈ ધન્યતા અનુભવી હતી. રિપોર્ટ : કેતન મહેતા**

# ભરૂચ: કોંગ્રેસનું "વોટ ચોર, ગદ્દી છોડ" અભિયાન, ભાજપ પર આક્ષેપ

## ભરૂચમાં મતદાર યાદી મુદ્દે કોંગ્રેસ આક્રમક, ભાજપ પર પ્રહાર

**દૈનિક પલ્સ સમાચાર:** ભરૂચ જિલ્લાની તમામ પાંચ વિધાનસભા બેઠકો પર મતદાર યાદીમાંથી મોટા પાયે નામો કમી થયા હોવાના વિવાદે જોર પકડ્યું છે. કોંગ્રેસ દ્વારા આ મુદ્દે "વોટ ચોર, ગદ્દી છોડ" નારા સાથે રાષ્ટ્રવ્યાપી અભિયાન શરૂ કરાયું છે. આ સંદર્ભે ભરૂચ જિલ્લા કોંગ્રેસ કાર્યાલય ખાતે પૂર્વ ધારાસભ્ય અને નિરીક્ષક ગ્યાસુદ્દીન શેખની અધ્યક્ષતામાં ખાસ બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું.

બેઠક દરમિયાન ગ્યાસુદ્દીન શેખે સત્તાધારી પક્ષ પર પ્રહારો કરતા જણાવ્યું હતું કે, ભાજપ હારના ડરથી લોકશાહીના મૂળભૂત અધિકાર એવા મતાધિકાર પર તરાપ મારી રહ્યું છે. SIR પ્રોજેક્ટની કામગીરીની આડમાં ફોર્મ નંબર-07 ભરીને હજારો સાચા મતદારોના નામ ખોટી રીતે દૂર કરી દેવામાં આવ્યા છે. કોંગ્રેસે આને ભાજપનું મોટું રાજકીય કાવતરું ગણાવ્યું છે. આગામી રણનીતિ અંગે ચર્ચા કરતા કોંગ્રેસના આગેવાનોએ સ્પષ્ટ કર્યું હતું કે, ટૂંક સમયમાં જિલ્લા કલેક્ટરને મળીને તમામ વિગતો સોંપવામાં આવશે. જો તંત્ર દ્વારા યોગ્ય કાર્યવાહી કરવામાં નહીં આવે તો કોંગ્રેસ જન આંદોલન અને હાઈકોર્ટ સુધી લડત લડવા તૈયાર છે. જિલ્લા પ્રમુખ રાજેન્દ્રસિંહ રણા અને શહેર પ્રમુખ સલીમ અમદાવાદીએ કાર્યકરોને દરેક બૂથ સ્તરે જઈને કપાયેલા નામોની યાદી તૈયાર કરવા સૂચના આપી છે. આ વિવાદ આગામી ચૂંટણીઓ પહેલાં ભરૂચમાં મોટા રાજકીય યુદ્ધના એંધાણ આપી રહ્યો છે.

**રિપોર્ટ : કેતન મહેતા**



**ભરૂચ જિલ્લામાં મતદારોના નામ ખોટી રીતે દૂર કરવાના આક્ષેપ સાથે કોંગ્રેસે "વોટ ચોર, ગદ્દી છોડ" અભિયાન શરૂ કર્યું છે. પૂર્વ ધારાસભ્ય ગ્યાસુદ્દીન શેખની અધ્યક્ષતામાં યોજાયેલી બેઠકમાં ભાજપ પર લોકશાહીની હત્યાનો આક્ષેપ કરી, આ મુદ્દે કલેક્ટરને રજૂઆત અને હાઈકોર્ટ જવાની ચીમકી ઉચ્ચારવામાં આવી છે.**

# ભરૂચ: ૨,૫૬૭ વિદ્યાર્થીઓએ આપી પ્રખરતા શોધ કસોટી

**દૈનિક પલ્સ સમાચાર:** ભરૂચ જિલ્લામાં શિક્ષણ વિભાગ દ્વારા આયોજિત 'પ્રખરતા શોધ કસોટી' ગતરોજ ભવ્ય પ્રતિસાદ સાથે પૂર્ણ થઈ. જિલ્લાના ભરૂચ, અંકલેશ્વર અને ઝઘડિયા એમ ત્રણ મુખ્ય તાલુકાઓના 10 કેન્દ્રો પર આ પરીક્ષાનું આયોજન કરવામાં આવ્યું હતું. ધોરણ-9ના 2,567 વિદ્યાર્થીઓએ પોતાની બૌદ્ધિક ક્ષમતાનું પ્રદર્શન કરવા માટે આ કસોટીમાં હાજરી આપી હતી. પરીક્ષાના પ્રારંભે વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવા માટે તેમનું પરંપરાગત રીતે સ્વાગત કરાયું હતું. કુલ 86 બ્લોકમાં વહેંચાયેલી આ કસોટીમાં બે અલગ-અલગ તબક્કા રાખવામાં આવ્યા હતા. પ્રથમ તબક્કામાં ગુજરાતી, અંગ્રેજી અને સામાન્ય જ્ઞાન જેવા વિષયો દ્વારા વિદ્યાર્થીઓની પાયાની સમજ ચકાસાઈ હતી, જ્યારે બીજા તબક્કામાં ગણિત અને વિજ્ઞાન જેવા વિષયો પર ગહન કસોટી લેવાઈ હતી. સમગ્ર પ્રક્રિયાને સફળ બનાવવા માટે 125 જેટલા કર્મચારીઓએ ખડેપગે સેવા આપી હતી. આ કસોટી તેજસ્વી વિદ્યાર્થીઓ માટે કારકિર્દીનો વળાંક સાબિત થઈ શકે છે, કારણ કે મેરિટમાં સ્થાન મેળવનાર દરેક વિદ્યાર્થીને રાજ્ય સરકાર તરફથી દર વર્ષે ₹12,000ની શિષ્યવૃત્તિ મળવાપાત્ર છે. ધોરણ-12 સુધી મળનારી આ કુલ ₹48,000ની સહાયથી વિદ્યાર્થીઓ કોઈપણ આર્થિક સંકડાશ વગર પોતાનો અભ્યાસ ચાલુ રાખી શકશે. આ આયોજનથી વાલીઓ અને વિદ્યાર્થીઓમાં ભારે ખુશીનો માહોલ જોવા મળ્યો હતો.



# ભરૂચના સિટી સેન્ટરમાં બે દરગાહ અને ૩૬ દુકાનો પર બુલડોઝર ફેરવાયું

**દૈનિક પલ્સ સમાચાર:** ભરૂચ શહેરના મુખ્ય વિસ્તાર એવા સિટી સેન્ટરમાં વહીવટી તંત્ર દ્વારા લેન્ડ ગ્રેબિંગ વિરોધી અભિયાન હેઠળ મોટા પાયે ડિમોલેશન કરવામાં આવ્યું હતું. જિલ્લા પંચાયત તંત્ર દ્વારા વહેલી સવારે ૪ વાગ્યાના ટકોરે એસડીએમ મનીષા મનાણી અને વહીવટી કાફલાની હાજરીમાં આ કામગીરી શરૂ કરવામાં આવી હતી. આ ઓપરેશન દરમિયાન બાલાપીર અને માસુમપીર નામની બે દરગાહો તેમજ ૩૬ દુકાનો ધરાવતા એક શોપિંગ કોમ્પ્લેક્સને તોડી પાડવામાં આવ્યું હતું. તંત્ર દ્વારા આ ડિમોલેશન માટે બે જેસીબી અને ત્રણ ટ્રેક્ટરોનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. વહીવટી અધિકારીઓના જણાવ્યા અનુસાર, જિલ્લા પંચાયતની માલિકીની જમીન પરના આ દબાણો દૂર કરવા માટે અગાઉ કાયદેસરની નોટિસો ફાળવવામાં આવી હતી અને તમામ નિયમોનું પાલન કરીને જ આ કાર્યવાહી હાથ ધરાઈ છે. સામે પક્ષે, દરગાહના ટ્રસ્ટીઓએ આ કાર્યવાહીનો સખત વિરોધ નોંધાવતા જણાવ્યું હતું કે આ દરગાહો વર્ષો જૂની છે. ટ્રસ્ટીઓના આક્ષેપ મુજબ, હાઈકોર્ટના આદેશ બાદ નીચલી કોર્ટમાં કાયદાકીય લડત ચાલુ હતી, તેમ છતાં તંત્રએ વહેલી સવારે ઓચિંતી કાર્યવાહી કરી છે. શહેરની શાંતિ અને કાયદો-વ્યવસ્થા જળવાઈ રહે તે હેતુથી તંત્રએ ખૂબ જ સાવચેતીપૂર્વક અને વ્યૂહાત્મક રીતે આ આખું ઓપરેશન પાર પાડ્યું હતું. હાલ આ વિસ્તારમાં ચુસ્ત બંદોબસ્ત તૈનાત કરવામાં આવ્યો છે અને આ ઘટના ભરૂચમાં ટોક ઓફ ધ ટાઉન બની છે.

**રિપોર્ટ : કેતન મહેતા**



**ભરૂચના સિટી સેન્ટર વિસ્તારમાં વહીવટી તંત્ર દ્વારા વહેલી સવારે દબાણ હટાવવાની કામગીરી હાથ ધરાઈ હતી. જિલ્લા પંચાયતની હદમાં આવેલી બે દરગાહ અને ૩૬ દુકાનોના શોપિંગ કોમ્પ્લેક્સ પર બુલડોઝર ફેરવી દેવામાં આવ્યું હતું. આ ઓપરેશન ચુસ્ત બંદોબસ્ત વચ્ચે પાર પાડવામાં આવ્યું હતું.**

# નેત્રંગ: પૂરઝડપે આવતી બાઈકે રાહદારીને ઉલાળ્યો, ૨ ઘાયલ

**દૈનિક પલ્સ સમાચાર:** નેત્રંગ તાલુકાના મોવી રોડ પર ગત ૨૩મી જાન્યુઆરીની સાંજે એક હૃદયદ્રાવક અકસ્માતની ઘટના સામે આવી છે. નોકરી પરથી પરત ફરી રહેલા એક રાહદારીને પૂરપાટ ઝડપે આવતી મોટરસાયકલે જોરદાર ટક્કર મારતા બે લોકો ગંભીર રીતે ઘાયલ થયા છે. બિહારના વતની અને નેત્રંગમાં ખાનગી નોકરી કરતા ૩૬ વર્ષીય વિક્રમ સંજીવ મહેતા જ્યારે રસ્તો ક્રોસ કરી રહ્યા હતા, ત્યારે ટીમલા ગામના સાહિલ બાલુભાઈ વસાવાએ પોતાની બાઇક પરથી કાબૂ ગુમાવી તેમને અડફેટે લીધા હતા.

આ પ્રચંડ ટક્કરને કારણે વિક્રમભાઈ રોડ પર પટકાયા હતા અને તેમને માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી. તેમની નાજુક હાલતને જોતા ભરૂચની હોસ્પિટલમાં તાત્કાલિક મગજનું ઓપરેશન કરવામાં આવ્યું હતું. અકસ્માત સર્જનાર બાઇક ચાલક સાહિલને પણ ગંભીર ઈજાઓ થતા તેને પ્રાથમિક સારવાર બાદ સુરત રિફર કરવામાં આવ્યો છે. ઘટના સ્થળે હાજર સાક્ષી મુન્ના પાન્ડેની ફરિયાદના આધારે નેત્રંગ પોલીસે કાયદેસરની તપાસ હાથ ધરી છે. **રિપોર્ટ : કેતન મહેતા**






**'સબ સુખ લહૈ તુમ્હારી સરના, તુમ રક્ષક કાહુ કો ડરના'**

# રાજકોટ એરપોર્ટ પર રૂ. 500નો દંડ: VIP એજન્સીની લૂંટ સામે તંત્ર મૌન

**દૈનિક પલ્સ સમાચાર:** રાજકોટ ઇન્ટરનેશનલ એરપોર્ટ પર એરપોર્ટ ઓથોરિટીના અણઘડ વહીવટનો વધુ એક નમૂનો સામે આવ્યો છે. જાહેર સલામતીનું બહાનું ધરીને હવેથી નો-પાર્કિંગ વિસ્તારમાં વાહન પાર્ક કરનાર પાસેથી રૂ. 500 વસૂલવાનો તઘલખી નિર્ણય લેવાયો છે. એરપોર્ટ ડાયરેક્ટર દિગંત બોરાહે 2020ના નિયમોનું પીપુડું વગાડીને એપ્રોચ રોડથી માંડીને કર્બ સાઈડ સુધી કડક ચેકિંગની ચેતવણી આપી છે. આ પેનલ્ટીની સીધી માર રાજકોટના 5000 જેટલા મુસાફરોના પરિવારજનો પર પડવાની છે. પરંતુ અસલી મુદ્દો અહીં દંડનો નહીં, પણ તંત્રની બેવડી નીતિનો છે. જ્યારે આ જ એરપોર્ટ પર VIP એજન્સી પાર્કિંગના નામે મુસાફરોની ઉઘાડી લૂંટ કરતી હતી અને મનસ્વી રીતે પૈસા પડાવતી હતી, ત્યારે એરપોર્ટ ઓથોરિટી કેમ મૌન હતી? શું એજન્સી સાથે કોઈ ગુપ્ત ગોઠવણ હતી કે તેને કોઈ દંડ કરવામાં આવ્યો નહીં? સામાન્ય જનતા પાસે 500 રૂપિયા વસૂલવામાં તત્પરતા દાખવતું તંત્ર ભ્રષ્ટ એજન્સીઓ સામે કેમ લાચાર બની જાય છે તે એક ગંભીર પ્રશ્ન છે. એરપોર્ટ મેનેજમેન્ટ અત્યારે જે નિયમની અમલવારીની વાતો કરે છે, તે વર્ષ 2020થી અસ્તિત્વમાં છે, તો આટલા વર્ષો સુધી આ કડક કાર્યવાહી ક્યાં ગઈ હતી? અચાનક મુસાફરોના પરિવારો પર તવાઈ બોલાવવાનો અર્થ શું? સલામતી અને ટ્રાફિકના નામે માત્ર જનતાને હેરાન કરવાની આ રમત હવે ખુલ્લી પડી ગઈ છે. એક બાજુ એરપોર્ટ પર પૂરતી સુવિધાઓનો અભાવ છે, અને બીજી બાજુ દંડની મોટી રકમો જાહેર કરીને તંત્ર પોતાની નિષ્ફળતાઓ છુપાવવા માંગે છે. જો ખરેખર ન્યાયિક વહીવટ કરવો હોય, તો પહેલા એ એજન્સીઓનો હિસાબ થવો જોઈએ જેમણે મુસાફરોને લૂંટ્યા છે, ત્યારબાદ જ જનતા પર નિયમો લાદવા જોઈએ. **રિપોર્ટ : હાર્દિક ચંદારાણા**

**રાજકોટ એરપોર્ટ ઓથોરિટી હવે મુસાફરોના પરિવારોને લૂંટવા મેદાને પડી છે. નો-પાર્કિંગના નામે રૂ. 500નો દંડ ફટકારવાનું શરૂ કરાયું છે, પરંતુ ભૂતકાળમાં ઉઘાડી લૂંટ ચલાવનાર VIP એજન્સી સામે મૌન સેવી રહેલું તંત્ર જનતાની સલામતીની માત્ર વાતો કરી રહ્યું છે.**

# ગુજરાતમાં કડકડતી ઠંડી: નલિયામાં પારો 7 ડિગ્રીએ પહોંચ્યો

**દૈનિક પલ્સ સમાચાર:** સૌરાષ્ટ્ર અને કચ્છ સહિત સમગ્ર ગુજરાતમાં ઠંડીનો ચમકારો ફરી એકવાર તીવ્ર બન્યો છે. ઉત્તર તરફથી આવતા બર્ફીલા પવનોને કારણે લઘુતમ તાપમાનમાં નોંધપાત્ર ઘટાડો થયો છે. આજે નલિયા 7 ડિગ્રી સાથે રાજ્યનું સૌથી ઠંડું શહેર રહ્યું હતું. રાજકોટમાં 10 કિમી પ્રતિ કલાકની ઝડપે ફૂંકાયેલા શીતલહેરોને કારણે તાપમાન 10.7 ડિગ્રી નોંધાતા નગરજનો ઠરી ગયા હતા.

ભાવનગરમાં ઠંડીનું જોર સૌથી વધુ વધ્યું છે, જ્યાં એક જ દિવસમાં તાપમાન 5 ડિગ્રી ઘટીને 13.6 ડિગ્રીએ પહોંચ્યું છે. જામનગરમાં પારો 12 ડિગ્રીએ રહ્યો હતો, જોકે બપોરે મહત્તમ તાપમાન 25.6 ડિગ્રી રહેતા લોકોએ ઠંડીમાં થોડી રાહત અનુભવી હતી. પરંતુ મોડી રાત્રે અને વહેલી સવારે હાડ ધ્રુજાવતી ઠંડીને કારણે જનજીવન અને પશુ-પક્ષીઓ પર માઠી અસર જોવા મળી હતી. સવારે 9 વાગ્યા સુધી બજારોમાં અવરજવર ઓછી રહેતા કુદરતી સંચારબંધી જેવો માહોલ સર્જાયો હતો. રાજ્યના અન્ય શહેરોની વાત કરીએ તો ડીસામાં 10.5, ભુજમાં 11, અમરેલીમાં 12 અને અમદાવાદમાં 13.6 ડિગ્રી તાપમાન નોંધાયું હતું. વહેલી સવારે અનેક વિસ્તારોમાં ગાઢ ધુમ્મસ જોવા મળતા વાહનચાલકોને પણ મુશ્કેલી પડી હતી. હવામાનમાં પલટા સાથે પવનોની ગતિ તેજ થતા આગામી 24 કલાકમાં ઠંડીનું જોર યથાવત રહેવાની સંભાવના છે.

**રિપોર્ટ : હાર્દિક ચંદારાણા**



# રાજકોટ સિવિલમાં ગટરના પાણીની રેલમછેલ: તંત્રની ઘોર બેદરકારી

**દૈનિક પલ્સ સમાચાર:** રાજકોટમાં સ્વચ્છતાના નામે માત્ર પોકળ દાવાઓ થઈ રહ્યા હોય તેવું ચિત્ર સિવિલ હોસ્પિટલમાં જોવા મળી રહ્યું છે. છેલ્લા અઠવાડિયાથી ઉભરાતી ગટરો અને નરકાગાર જેવી ગંદકી વચ્ચે સિવિલ પ્રશાસન અને મનપા વચ્ચેની 'હુતુ હુતુ' જેવી સાંઠગાંઠને કારણે દર્દીઓ રામભરોસે છે. ઇમરજન્સી વિભાગ જેવી સંવેદનશીલ જગ્યાએ ગટરના ખુલ્લા ખાડા હોવા છતાં તંત્રને કોઈ જોખમ દેખાતું નથી.

સૌરાષ્ટ્રભરમાંથી આવતા હજારો દર્દીઓ અહીં સાજા થવા આવે છે, પણ અહીંનો મચ્છરોનો મહાત્રાસ તેમને વધુ બીમાર પાડી શકે છે. મનપાના અધિકારીઓ લારવા ચેકિંગના નામે મધ્યમ વર્ગને દંડ ફટકારે છે, પરંતુ સિવિલ હોસ્પિટલમાં જન્મેલા મચ્છરોના ઝુંડ તેમને કેમ દેખાતા નથી? ડેન્ગ્યુ ફેલાવતા એડિસ મચ્છરો માટે આ હોસ્પિટલ શ્રેષ્ઠ સંવર્ધન કેન્દ્ર બની ગઈ છે.

સફાઈ સાધનો અને કર્મચારીઓના પગાર પાછળ સરકાર લાખોનો ખર્ચ કરે છે, છતાં જો પરિણામ શૂન્ય હોય તો તે કામચોરી છે કે ભ્રષ્ટાચાર? એસી ઓફિસોમાં બેસીને આંકડાઓની માયાજાળ ગૂંથતા અધિકારીઓને ગંદકીમાં ચાલતા દર્દીઓની લાચારી દેખાતી નથી. જનતાના ટેક્સના પૈસાનો વેડફાટ અને સરકારી હોસ્પિટલની આ દુર્દશા માટે જવાબદારો સામે કડક કાર્યવાહી ક્યારે થશે? કે પછી તંત્ર રોગચાળો ફાટી નીકળવાની રાહ જોઈ રહ્યું છે?

**રિપોર્ટ : હાર્દિક ચંદારાણા**



**સૌરાષ્ટ્રની સૌથી મોટી ગણાતી રાજકોટ સિવિલ હોસ્પિટલ હાલ રોગચાળો ઘટાડવાને બદલે વધારવાનું કેન્દ્ર બની છે. ઇમરજન્સી વિભાગ સામે છેલ્લા આઠ દિવસથી ઉભરાતી ગટરો અને ખોદેલા ખાડાઓએ હોસ્પિટલને નરકખાનામાં ફેરવી દીધી છે. મનપાના આરોગ્ય અધિકારીઓ સામાન્ય જનતાને નોટિસ ફટકારવામાં શૂરવીર છે, પરંતુ સિવિલમાં બેફામ ઉછરતા મચ્છરોના ઝુંડ તેમને દેખાતા નથી. લાખોના ખર્ચ અને સફાઈ કર્મચારીઓના કાફલા છતાં ગંદકી કેમ દૂરો થતી નથી? શું અહીં તંત્ર વચ્ચે કોઈ 'કટકી'નો ખેલ ચાલી રહ્યો છે?**

# ગાધકડા પે સેન્ટર શાળામાં ૭૭મા પ્રજાસત્તાક પર્વની ભવ્ય ઉજવણી

## ગાધકડા પે સેન્ટર શાળા: પ્રજાસત્તાક પર્વની ઉજવણી

**દૈનિક પલ્સ સમાચાર:** સાવરકુંડલા તાલુકાના ગાધકડા ગામે આવેલ શ્રી ગાધકડા પે સેન્ટર શાળામાં આજે ૭૭મા પ્રજાસત્તાક દિવસની ભવ્ય અને ગરિમાપૂર્ણ માહોલમાં ઉજવણી કરવામાં આવી હતી. સમગ્ર શાળા પરિસર દેશભક્તિના રંગે રંગાયેલું જોવા મળ્યું હતું. કાર્યક્રમની શરૂઆત રાષ્ટ્રધ્વજને સલામી આપીને કરવામાં આવી હતી, જેમાં રાષ્ટ્રગીતના ગાન સાથે વાતાવરણ ગુંજી ઉઠ્યું હતું.

ધ્વજવંદન બાદ વિદ્યાર્થીઓએ પોતાની અંદર રહેલી કલા-શક્તિનું પ્રદર્શન કરતા રંગારંગ સાંસ્કૃતિક કાર્યક્રમો રજૂ કર્યા હતા. નાના ભૂલકાઓએ દેશભક્તિના ગીતો પર નૃત્ય અને સ્વાતંત્ર્ય સેનાનીઓના જીવન પર આધારિત નાટકો રજૂ કરીને ઉપસ્થિત વાલીઓ અને ગ્રામજનોના દિલ જીતી લીધા હતા. આ પ્રસંગે વાર્ષિક પરીક્ષા અને વિવિધ સહ-શૈક્ષણિક પ્રવૃત્તિઓમાં અવ્વલ આવનારા તેજસ્વી તારલાઓને ઇનામ આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. શાળાના આચાર્યશ્રીએ પોતાના પ્રાસંગિક પ્રવચનમાં પ્રજાસત્તાક પર્વનું મહત્વ સમજાવી વિદ્યાર્થીઓને રાષ્ટ્ર નિર્માણમાં ફાળો આપવા પ્રેરણા આપી હતી. ગામના અગ્રણીઓએ પણ શાળાની શૈક્ષણિક પ્રગતિને બિરદાવી હતી. વાલીઓ અને ગ્રામજનોની બહોળી ઉપસ્થિતિમાં યોજાયેલો આ કાર્યક્રમ સૌના હૃદયમાં દેશપ્રેમની જ્યોત જલાવી ગયો હતો. અંતે, આભારવિધિ બાદ આ દેશભક્તિના મહાપર્વની પૂર્ણાહુતિ કરવામાં આવી હતી. **રિપોર્ટ : હાર્દિક ચંદારાણા**



**સાવરકુંડલાના ગાધકડા પે સેન્ટર શાળામાં ૭૭મા પ્રજાસત્તાક પર્વની ભવ્ય ઉજવણી કરાઈ. ધ્વજવંદન બાદ વિદ્યાર્થીઓએ દેશભક્તિ સભર સાંસ્કૃતિક કૃતિઓ રજૂ કરી હતી. આ પ્રસંગે તેજસ્વી વિદ્યાર્થીઓને ઇનામ આપી પ્રોત્સાહિત કરાયા હતા. ગ્રામજનો અને વાલીઓની મોટી સંખ્યામાં ઉપસ્થિતિ વચ્ચે કાર્યક્રમ દેશભક્તિના માહોલમાં સંપન્ન થયો.**


# રાજકોટ મનપા રોડ ખોદકામ સમસ્યા

## રાજકોટ: આયોજન વગરના ખોદકામે લોકોની મુશ્કેલી વધારી

**દૈનિક પલ્સ સમાચાર:** રાજકોટ મહાનગરપાલિકા દ્વારા પૂર્વથી પશ્ચિમ ઝોન સુધી નવા રોડના કામ હાથ ધરાયા છે, પરંતુ આયોજનના અભાવે શહેર 'ખોદાણ નગરી' બન્યું હોય તેવા દ્રશ્યો સર્જાયા છે. રેસકોર્સ રિંગ રોડ પર નવી પાઇપલાઇન નાખવા માટે નવો ડામર રોડ તોડવાનું શરૂ કરાતા લોકોમાં આશ્ચર્ય અને રોષ છે. જાગનાથ પ્લોટમાં પણ અનેક શેરીઓ ખોદ્યા બાદ હજુ રિપેર થઈ નથી, ત્યાં હવે યાજ્ઞિક રોડ અને જિલ્લા પંચાયત ચોક સુધી જેસીબી ફરી વળ્યા છે.

સૌથી વધુ વિસંગતતા ફૂટપાથના કામમાં જોવા મળે છે. વડાપ્રધાનની મુલાકાત સમયે બનેલી નવેનવી ફૂટપાથો હવે ટેલિકોમ કંપનીઓના કેબલ નાખવા માટે ફરી ઉખેડવામાં આવી રહી છે. એક કંપની કામ પૂરું કરે ત્યાં બીજી કંપની મંજૂરી લઈને ફરી ખોદકામ શરૂ કરે છે. બહુમાળી ભવનથી ધરમ સિનેમા સુધીની નવી ફૂટપાથમાં ચાલી રહેલી તોડફોડ મનપાના અણઘડ વહીવટની ચાડી ખાય છે. આ ખોદકામથી માત્ર જાહેર મિલકતને નુકસાન નથી થતું, પણ રસ્તાઓનું આયુષ્ય પણ ઘટી રહ્યું છે.

**રિપોર્ટ : હાર્દિક ચંદારાણા**



# જૂનાગઢ: ૩૨૦૦ ફૂટની ઊંચાઈએ ઉપલા દાતાર ખાતે ધ્વજવંદન યોજાયું

**દૈનિક પલ્સ સમાચાર:** જૂનાગઢના ઇતિહાસ અને સંસ્કૃતિમાં જેનું વિશેષ મહત્વ છે તેવા કોમી એકતાના પ્રતીક ઉપલા દાતાર ખાતે આજે ૭૭મા પ્રજાસત્તાક દિનની યાદગાર ઉજવણી કરવામાં આવી હતી. ગિરનાર પર્વતના જોડિયા ભાઈ ગણાતા ઉપલા દાતારની લગભગ ૩૨૦૦ ફૂટની ઊંચાઈ પર સ્થિત આ પવિત્ર જગ્યા પર વહેલી સવારે રાષ્ટ્રધ્વજ લહેરાવવામાં આવ્યો હતો. ફૂલ ગુલાબી ઠંડી વચ્ચે આયોજિત આ કાર્યક્રમમાં જગ્યાના મહંત શ્રી ભીમ બાપુએ ધ્વજવંદન કરાવી દેશની રક્ષા માટે સંકલ્પ લેવડાવ્યો હતો.

આ આયોજનમાં વિશેષ રીતે જૂનાગઢની ગિરનાર સ્પોર્ટ્સ એકેડેમીના કોચ શ્રી સાગર કટારિયા અને તેમના વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર હાજરી આપી હતી. યુવા ખેલાડીઓએ પર્વતારોહણ કરીને ટોચ પર પહોંચી રાષ્ટ્રધ્વજને સલામી આપી હતી, જે રમતગમત અને દેશપ્રેમનો સુંદર સમન્વય દર્શાવતો હતો. આટલી ઊંચાઈએ જ્યારે ત્રિરંગો લહેરાયો ત્યારે શ્રદ્ધાળુઓ અને સ્થાનિકોમાં હર્ષની લાગણી ફેલાઈ ગઈ હતી.

મહંત શ્રી ભીમ બાપુએ યુવાનોને સંબોધતા જણાવ્યું હતું કે આપણો દેશ વિવિધતામાં એકતા ધરાવતો દેશ છે અને તેને અખંડ રાખવા માટે યુવા શક્તિએ કટિબદ્ધ થવું પડશે. તેમણે કોમી એકતા અને શાંતિના સંદેશા સાથે દેશના વિકાસમાં સહભાગી થવાની અપીલ કરી હતી. કોચ સાગર કટારિયાએ પ્રતિભાવ આપતા જણાવ્યું હતું કે યુવાનોમાં રમતગમતની સાથે દેશભક્તિના સંસ્કારો સિંચવા એ જ એકેડેમીનું લક્ષ્ય છે. સમગ્ર દાતારની ટેકરીઓ "વંદે માતરમ્" અને "ભારત માતા કી જય" ના નાદથી ગુંજી ઉઠતા વાતાવરણ અત્યંત ભક્તિમય અને રાષ્ટ્રપ્રેમથી છલોછલ બની ગયું હતું. દાતારની જગ્યામાં યોજાયેલો આ કાર્યક્રમ સાબિત કરે છે કે ધર્મ અને રાષ્ટ્રભક્તિ એકબીજાના પૂરક છે. પ્રજાસત્તાક પર્વની આ ઉજવણી જૂનાગઢવાસીઓ માટે ગૌરવની ક્ષણ બની રહી હતી. **રિપોર્ટ : ઝીશાન ખૂંટ**



# સરદાર પટેલ યુનિવર્સિટી: ટેકનોવેસન ૨૦૨૬ હેકાથોન યોજાઈ

**દૈનિક પલ્સ સમાચાર**: વલ્લભ વિદ્યાનગર સ્થિત સરદાર પટેલ યુનિવર્સિટી ખાતે ૨૭ જાન્યુઆરી ૨૦૨૬ ના રોજ રાજ્યસ્તરીય “TECHNOVATION 2026” સાઈન્સ ટૂ સીસ્ટમ-હેકાથોનનું શાનદાર આયોજન કરવામાં આવ્યું હતું. સરદાર પટેલની ૧૫૦મી જન્મજયંતિની ઉજવણી અંતર્ગત ‘સરદાર @150’ થીમ હેઠળ અનુસ્નાતક ઇલેક્ટ્રોનીક વિભાગ અને SPU-SSIP સહિતની સંસ્થાઓ દ્વારા આ કાર્યક્રમ યોજાયો હતો.

કુલપતિ પ્રોફ. ડૉ. નિરંજનભાઈ પટેલના અધ્યક્ષતામાં યોજાયેલી આ સ્પર્ધામાં ગુજરાતભરની એન્જિનિયરિંગ અને સાયન્સ કોલેજોની ૩૦ ટીમોએ ભાગ લીધો હતો. ૧૦૦થી વધુ વિદ્યાર્થીઓએ સમાજ અને ઉદ્યોગની વાસ્તવિક સમસ્યાઓના ટેકનોલોજીકલ ઉકેલો રજૂ કર્યા હતા. આ કાર્યક્રમમાં રાષ્ટ્રીય રક્ષા યુનિવર્સિટી, ચારુસત અને નિરમા યુનિવર્સિટી જેવી પ્રતિષ્ઠિત સંસ્થાઓની સાથે ભરૂચની સંસ્કાર વિદ્યાભવનના ધોરણ ૯ ના વિદ્યાર્થીઓએ પણ ભાગ લઈ આશ્ચર્ય સર્જ્યું હતું. મુખ્ય મહેમાન પ્રો. દર્શન ચોક્સી અને અતિથિ વિશેષ ડૉ. એક્તા શાહે વિદ્યાર્થીઓને રાષ્ટ્રીય સ્તરે વિચારવાની પ્રેરણા આપી હતી. કુલસચિવ ડૉ. ભાઈલાલભાઈ પટેલે વિદ્યાર્થીઓની કૃતિઓની મુલાકાત લઈ તેમને પ્રોત્સાહિત કર્યા હતા.






# પાલિતાણા: NSUI દ્વારા શિક્ષણ સંકુલોને ડ્રગ્સ મુક્ત કરવાનું અભિયાન

**દૈનિક પલ્સ સમાચાર:** પાલિતાણા સ્થિત સરકારી આર્ટ્સ અને કોમર્સ કોલેજ ખાતે NSUI ગુજરાત દ્વારા 'ડ્રગ્સ મુક્ત શિક્ષણ સંકુલ' અભિયાન અંતર્ગત વિશેષ કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં યુવા નેતાઓ ગીરીરાજસિંહ વાળા (મહામંત્રી, ભાવનગર યુથ કોંગ્રેસ) અને અભિજીતસિંહ ચુડાસમા (મહામંત્રી, પ્રદેશ NSUI) ખાસ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમનો મુખ્ય સૂર શિક્ષણના મંદિરોને નશાના કાળા કારોબારથી બચાવવાનો હતો. વિદ્યાર્થીઓને સંબોધતા આગેવાનોએ ભારપૂર્વક જણાવ્યું હતું કે, ડ્રગ્સનો વેપાર કરનારા અસામાજિક તત્વો યુવાનોના ભવિષ્ય સાથે ચેડાં કરી રહ્યા છે. "અમારું લક્ષ્ય શિક્ષણના મંદિરોને ડ્રગ્સના વેપારીઓથી મુક્ત કરવાનું છે!" તેવા સૂત્ર સાથે NSUI દ્વારા કોલેજ સ્તરે જાગૃતિ લાવવાના પ્રયાસો તેજ કરવામાં આવ્યા છે. ડ્રગ્સના સેવનથી માત્ર સ્વાસ્થ્ય જ નહીં પરંતુ વિદ્યાર્થીઓની કારકિર્દી પણ બરબાદ થાય છે. આ કાર્યક્રમ દરમિયાન વિદ્યાર્થીઓ સાથે સંવાદ સાધીને તેમને ડ્રગ્સ વિરોધી પ્રવૃત્તિઓમાં સક્રિય થવા પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. NSUI ના સભ્યોએ કોલેજ પ્રશાસન અને વિદ્યાર્થીઓ સાથે મળીને શૈક્ષણિક વિસ્તારમાં કોઈપણ પ્રકારની નશીલી પ્રવૃત્તિ ન થાય તે માટે તકેદારી રાખવા આહવાન કર્યું હતું. યુવાનોએ પણ આ ઝુંબેશને આવકારી હતી અને નશામુક્ત રહેવાના દ્રઢ સંકલ્પો લીધા હતા. ભાવનગર જિલ્લામાં NSUI દ્વારા આ પ્રકારના કાર્યક્રમો આગામી દિવસોમાં અન્ય કોલેજોમાં પણ યોજવામાં આવશે.

**રિપોર્ટ : ઝીશાન ખૂંટ**




**પાલિતાણાની સરકારી આર્ટ્સ અને કોમર્સ કોલેજમાં NSUI દ્વારા ડ્રગ્સ મુક્તિ અંગે જાગૃતિ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં ભાવનગર યુથ કોંગ્રેસ મહામંત્રી ગીરીરાજસિંહ વાળા અને પ્રદેશ NSUI મહામંત્રી અભિજીતસિંહ ચુડાસમા હાજર રહ્યા હતા. શિક્ષણના મંદિરોને નશામુક્ત બનાવવાનો આ પ્રસંગે સંકલ્પ લેવાયો હતો.**

# સ્વાતંત્ર્ય સેનાની ઉમગરાય છાટબારનું ૯૦ વર્ષે નિધન

**દૈનિક પલ્સ સમાચાર:** અમરેલી જિલ્લાના બાબરા પંથકમાં પત્રકારત્વ અને રાષ્ટ્રભક્તિનો પર્યાય ગણાતા શ્રી ઉમગરાય હરિદાસ છાટબાર (૯૦ વર્ષ) આજે અનંતની યાત્રાએ નીકળી ગયા છે. તેઓ એક આદર્શ પત્રકાર હોવાની સાથે સાથે ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામના અદના લડવૈયા હતા. દીવ, દમણ અને ગોવાને પોર્ટુગીઝ શાસનમાંથી મુક્ત કરાવવાના આંદોલનમાં તેમણે જે સક્રિય યોગદાન આપ્યું હતું તે ઇતિહાસમાં સદાય અંકિત રહેશે. ઉમગરાય દાદાનું વ્યક્તિત્વ બહુમુખી હતું. તેઓ આધ્યાત્મિક જ્ઞાનનું ભાથું ધરાવતા હતા અને ભજન સંસ્કૃતિના ઉપાસક હતા. પૂજ્ય નારાયણ સ્વામી બાપુ અને પૂજ્ય કાનદાસ બાપુ જેવા દિગ્ગજ સંતો સાથેની તેમની બેઠકો અને સત્સંગ બાબરા પંથકમાં જાણીતા હતા. તેમની પાસેથી જ્ઞાન મેળવવાનો અવસર અનેક લોકો માટે ભાગ્યશાળી રહ્યો છે. પત્રકારત્વ ક્ષેત્રે પણ તેમણે વર્ષો સુધી અનન્ય સેવા આપીને બાબરાના પ્રશ્નોને વાચા આપી હતી. હંમેશા હસમુખા અને રાષ્ટ્રપ્રેમથી છલોછલ રહેતા ઉમગરાય દાદાના અવસાનથી સમગ્ર બાબરા પંથક અને પત્રકાર જગતમાં શોકનું મોજું ફરી વળ્યું છે. અનેક સામાજિક અને રાજકીય આગેવાનોએ તેમને શ્રદ્ધાંજલિ અર્પી એક સાચા દેશભક્ત અને પીઢ પત્રકારને યાદ કર્યા છે. ભગવાન તેમના આત્માને શાંતિ અર્પે તેવી પ્રાર્થના સાથે બાબરાવાસીઓએ ગૌરવશાળી વિભૂતિને વિદાય આપી છે.

**રિપોર્ટ : હસમુખ નાયક**



# કપડવંજ: મંત્રી સંજયસિંહ મહીડા અને ધારાસભ્યો લગ્ન પ્રસંગમાં હાજર

**દૈનિક પલ્સ સમાચાર:** કપડવંજ નગરમાં ગતરોજ દશરથભાઈ પટેલના પુત્ર ચિંતનભાઈના લગ્ન પ્રસંગની ધામધૂમથી ઉજવણી કરવામાં આવી હતી. ચિંતનભાઈ આર.ટી.ઓ. અધિકારી તરીકે કાર્યરત હોવાથી આ પ્રસંગે અનેક ગણ્યમાન્ય વ્યક્તિઓ સહભાગી થયા હતા. લગ્ન મહોત્સવમાં રાજ્ય સરકારના મંત્રી અને ધારાસભ્યોની ઉપસ્થિતિ આકર્ષણનું કેન્દ્ર બની હતી.

રાજ્યકક્ષાના મંત્રી સંજયસિંહ મહીડાએ લગ્ન સમારોહમાં હાજરી આપી નવદંપતીને ભાવિ જીવન માટે આશીર્વાદ પાઠવ્યા હતા. આ પ્રસંગે કપડવંજ-કઠલાલ વિધાનસભા બેઠકના ધારાસભ્ય રાજેશભાઈ અને બાલાસિનોરના ધારાસભ્ય માનસિંહ ચૌહાણ પણ સાથે રહ્યા હતા. રાજકીય મહાનુભાવોએ પટેલ પરિવારના આંગણે આયોજિત આ મંગલ અવસરમાં સામેલ થઈ હર્ષની લાગણી વ્યક્ત કરી હતી. મંત્રીશ્રી અને ધારાસભ્યોએ લગ્ન પ્રસંગમાં ઉપસ્થિત રહી સામાજિક સૌહાર્દનું ઉદાહરણ પૂરું પાડ્યું હતું. પટેલ પરિવારે આવેલા તમામ અતિથિઓનું ઉષ્માભર્યું સ્વાગત કર્યું હતું. આ પ્રસંગમાં રાજકીય આગેવાનો ઉપરાંત સામાજિક અગ્રણીઓ અને વહીવટી વિભાગના અધિકારીઓ પણ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા અને નવયુગલને સુખી દાંપત્યજીવનની શુભેચ્છાઓ પાઠવી હતી. **રિપોર્ટ : દિપક પરમાર**



**કપડવંજમાં દશરથભાઈ પટેલના પુત્ર ચિંતનભાઈ (RTO ઓફિસર)ના લગ્ન પ્રસંગે રાજ્યમંત્રી સંજયસિંહ મહીડા, ધારાસભ્ય રાજેશભાઈ અને ધારાસભ્ય માનસિંહ ચૌહાણે વિશેષ હાજરી આપી હતી. મહાનુભાવોએ નવયુગલને આશીર્વાદ પાઠવી સુખદ દાંપત્યજીવનની કામના કરી હતી.**

“સમાચાર તથા જાહેરાત આપવા માટે સંપર્ક કરો: ૯૯૦૯૯૧૧૧૭૫”

# નડિયાદ સંતરામ મંદિર ૧૯૫મો સમાધિ મહોત્સવ: સાકર વર્ષાનું આયોજન

## નડિયાદ સંતરામ મંદિર સાકર વર્ષા ૨૦૨૬ તૈયારીઓ

**દૈનિક પલ્સ સમાચાર:** નડિયાદની ઓળખ સમાન શ્રી સંતરામ મંદિર ખાતે ૧૯૫મા સમાધિ મહોત્સવની ભવ્ય ઉજવણીની તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. મહાસુદ પૂનમે યોજાનારી વિશ્વવિખ્યાત સાકર વર્ષા અને મેળામાં લાખોની મેદની એકઠી થતી હોવાથી વહીવટી તંત્ર દ્વારા એક્શન પ્લાન તૈયાર કરવામાં આવ્યો છે. આ સંદર્ભે નડિયાદ મ્યુનિસિપલ કોર્પોરેશન ખાતે ધારાસભ્ય પંકજભાઈ દેસાઈની અધ્યક્ષતામાં એક ઉચ્ચસ્તરીય બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. બેઠકમાં ૩૦ જાન્યુઆરીથી ૩ ફેબ્રુઆરી સુધી ચાલનારા આ મહોત્સવ દરમિયાન શ્રદ્ધાળુઓની સલામતી અને સુવિધાને અગ્રતા આપવામાં આવી છે. શહેરના ટ્રાફિકને નિયંત્રિત કરવા માટે સંકલન સાધવામાં આવ્યું છે અને પાર્કિંગ પોઈન્ટથી મંદિર સુધી પહોંચવા માટે શ્રદ્ધાળુઓને પરિવહન સેવાઓ રાહત દરે મળી રહે તેવું આયોજન કરાયું છે. આ સાથે જ શહેરના વિવિધ ભાગોમાં મેડિકલ કેમ્પ અને ફાયર સેફ્ટીની ટીમો તૈનાત રહેશે. ટ્રાફિકની ગંભીર સમસ્યા ન સર્જાય તે માટે ચોક્કસ રસ્તાઓ પર પ્રવેશ પ્રતિબંધ અને વૈકલ્પિક માર્ગોની જાહેરાત કરવામાં આવી છે. આ બેઠકમાં મ્યુનિસિપલ કમિશનર જી.એચ. સોલંકી, જિલ્લા પોલીસ વડા વિજયભાઈ પટેલ, એસ.ડી.એમ. નિર્ભયભાઈ અને ડેપ્યુટી કમિશનરો સહિત કોર્પોરેશનના અધિકારીઓ હાજર રહ્યા હતા. ધારાસભ્યશ્રીએ તમામ વિભાગોને પરસ્પર સંકલન સાધીને મહોત્સવને સફળ બનાવવા અને શ્રદ્ધાળુઓને કોઈ તકલીફ ન પડે તે જોવાની સૂચના આપી હતી.

**રિપોર્ટ : હસમુખ નાયક**



**નડિયાદ સંતરામ મંદિરના ૧૯૫મા સમાધિ મહોત્સવ અને સાકર વર્ષાની તૈયારીઓ માટે ધારાસભ્ય પંકજભાઈ દેસાઈની અધ્યક્ષતામાં બેઠક યોજાઈ હતી. જેમાં ૩૦ જાન્યુઆરીથી ૩ ફેબ્રુઆરી સુધી મેળા દરમિયાન ટ્રાફિક, પાર્કિંગ, આરોગ્ય અને શ્રદ્ધાળુઓની સુરક્ષા અંગેના વિવિધ પાસાઓ પર વિસ્તૃત આયોજન કરવામાં આવ્યું હતું. રિપોર્ટ : હસમુખ નાયક**

# નડિયાદ સંતરામ મેળો: ભક્તો માટે ખાસ સુવિધાઓ

**દૈનિક પલ્સ સમાચાર:** નડિયાદના સુપ્રસિદ્ધ શ્રી સંતરામ મંદિર ખાતે મહા સુદ પૂનમનો મેળો અને સાકર વર્ષા મહોત્સવ ૨૦૨૬ ભક્તિમય માહોલમાં ઉજવવા માટે વહીવટી તંત્રએ કમર કસી છે. શ્રદ્ધાળુઓની સુવિધા, સુરક્ષા અને સ્વાસ્થ્યને અગ્રતા આપીને વ્યાપક આયોજન જાહેર કરવામાં આવ્યું છે. ભક્તોને વાહન પાર્કિંગમાં કોઈ અગવડ ન પડે તે માટે શહેરના મુખ્ય પ્રવેશદ્વારો જેવા કે પીપલગ ચોકડી, યોગી ફાર્મ, જૂનું હેલીપેડ, ચેતક પાર્ટી પ્લોટ અને ન્યુ શોરોક ગ્રાઉન્ડ પર વિશાળ પાર્કિંગ વ્યવસ્થા ઉભી કરવામાં આવી છે. આ પાર્કિંગ પોઈન્ટ્સથી મુખ્ય મંદિર સુધી આવવા-જવા માટે તંત્ર દ્વારા મફત સિટી બસ સેવાની જાહેરાત કરવામાં આવી છે, જેથી શહેરના આંતરિક માર્ગો પર ટ્રાફિકનું ભારણ ઓછું કરી શકાય. સ્વાસ્થ્ય સેવાઓ માટે પારસ સર્કલ, મંદિર પરિસર અને અક્ષર મોટેલ ખાતે ત્રણ વિશેષ હેલ્થ સેન્ટર ઊભા કરવામાં આવ્યા છે, જ્યાં મેડિકલ ટીમો તૈનાત રહેશે. કોઈ પણ મેડિકલ ઈમરજન્સી માટે રસ્તાઓ પર ખાસ 'ઇમરજન્સી રૂટ' ફાળવવામાં આવ્યો છે. સુરક્ષાના ભાગરૂપે ચુસ્ત પોલીસ બંદોબસ્તની સાથે ત્રણ હેલ્પ સેન્ટર્સ (સંતરામ મંદિર, ઇપ્કોવાલા હોલ અને પોલીસ ચોકી પાસે) કાર્યરત રહેશે. વહીવટી તંત્ર દ્વારા કરાયેલ આ સુવ્યવસ્થિત આયોજનનો મુખ્ય હેતુ દેશ-વિદેશથી આવતા હજારો શ્રદ્ધાળુઓનો ભક્તિમય પ્રવાસ સુખદ અને યાદગાર બનાવવાનો છે.

**રિપોર્ટ : હસમુખ નાયક**




# અંબાજીમાં 30 જાન્યુઆરીથી ત્રિ-દિવસીય ભવ્ય '૫૧ શક્તિપીઠ પરિક્રમા મહોત્સવ' યોજાશે

**દૈનિક પલ્સ સમાચાર:** વિશ્વ પ્રસિદ્ધ યાત્રાધામ અંબાજી ખાતે આગામી ૩૦ જાન્યુઆરીથી ૧ ફેબ્રુઆરી ૨૦૨૬ દરમિયાન '૫૧ શક્તિપીઠ પરિક્રમા મહોત્સવ' ઉજવાશે. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના વિઝન મુજબ તૈયાર થયેલા ૫૧ શક્તિપીઠ પ્રોજેક્ટને પ્રોત્સાહન આપવા માટે આ ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. બનાસકાંઠા સહિત ઉત્તર ગુજરાતના વિવિધ જિલ્લાઓમાંથી લાખો માઈભક્તો આ પરિક્રમામાં જોડાશે. ત્રણ દિવસીય કાર્યક્રમની રૂપરેખા મુજબ, પ્રથમ દિવસે પાલખી યાત્રાથી પ્રારંભ થશે, બીજા દિવસે શક્તિ યાગ અને દર્શન સ્પર્ધા યોજાશે, જ્યારે અંતિમ દિવસે મશાલ અને જ્યોત યાત્રા સાથે સમાપન થશે. ગબ્બર પરિક્રમા માર્ગમાં ભારત, પાકિસ્તાન, નેપાળ અને શ્રીલંકા જેવા દેશોમાં સ્થિત મૂળ શક્તિપીઠોના દર્શન એક જ સ્થળે થઈ શકશે. યાત્રાળુઓની સુવિધા માટે દેવસ્થાન ટ્રસ્ટ દ્વારા GMDC ગ્રાઉન્ડ, મંગલ્યવન અને આર્ટસ કોલેજ જેવા સ્થળોએ વિનામૂલ્યે ભોજનની સુવિધા ઉપલબ્ધ કરાવાશે. સમગ્ર અંબાજી અને ગબ્બર વિસ્તારને આકર્ષક રોશની અને ફૂલોથી શણગારવામાં આવશે, જે રાત્રિના સમયે દિવ્ય નજારો પેશ કરશે. આ ઉપરાંત લોક સંસ્કૃતિને જીવંત રાખવા આદિવાસી લોકનૃત્યો અને લોક સંગીતના કાર્યક્રમોનું પણ આયોજન કરવામાં આવ્યું છે. જિલ્લા કલેક્ટર મિહિર પટેલના નેતૃત્વમાં વહીવટી તંત્ર દ્વારા યાત્રાળુઓને કોઈ તકલીફ ન પડે તે માટે પરિવહન અને રહેઠાણની વિશેષ સુવિધાઓ સુનિશ્ચિત કરવામાં આવી છે.

**રિપોર્ટ : વિશાલ ચૌહાણ**

**યાત્રાધામ અંબાજીમાં ૩૦ જાન્યુઆરીથી ૧ ફેબ્રુઆરી ૨૦૨૬ દરમિયાન ભવ્ય '૫૧ શક્તિપીઠ પરિક્રમા મહોત્સવ'નું આયોજન કરાયું છે. બનાસકાંઠા જિલ્લા વહીવટી તંત્ર અને અંબાજી દેવસ્થાન ટ્રસ્ટ દ્વારા આયોજિત આ ઉત્સવમાં પાલખી યાત્રા, શક્તિ યાગ અને જ્યોત યાત્રા જેવા ધાર્મિક કાર્યક્રમો યોજાશે. ગબ્બર પર્વત પર સ્થિત ૫૧ શક્તિપીઠોની પ્રતિકૃતિઓના દર્શન માટે લાખો શ્રદ્ધાળુઓ ઉમટી પડશે. પ્રવાસીઓની સુવિધા માટે વિવિધ સ્થળોએ વિનામૂલ્યે ભોજન અને આકર્ષક લાઈટિંગ ડેકોરેશન કરવામાં આવ્યું છે, જે ભક્તિ અને આસ્થાનો અનોખો માહોલ સર્જશે.**

# નડીયાદ: નાસતા ફરતા મહિલા આરોપીને LCBએ ઝડપી

**દૈનિક પલ્સ સમાચાર:** ખેડા જિલ્લા ક્રાઇમ બ્રાન્ચે એક મહત્વપૂર્ણ કામગીરીમાં અમદાવાદ જિલ્લાના વટવા પોલીસ સ્ટેશનના દારૂબંધીના ગુનામાં સંડોવાયેલા અને લાંબા સમયથી પોલીસને થાપ આપતા મહિલા આરોપીને દબોચી લીધા છે. પકડાયેલા આરોપી મહિલાનું નામ નિકાબેન નાગરભાઇ તળપદા છે, જે નડીયાદના મીલ રોડ વિસ્તારના રહેવાસી છે. પોલીસ રેકોર્ડ મુજબ, નિકાબેન સામે વટવા પોલીસ સ્ટેશનમાં પ્રોહીબિશનની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધાયેલો હતો અને તેઓ વર્ષ ૨૦૨૫થી નાસતા ફરતા હતા. પોલીસ અધિક્ષક વિજય પટેલની સૂચનાથી LCB પી.આઈ. કે.આર. વેકરીયાની ટીમ વોચમાં હતી. દરમિયાન મળેલી ચોક્કસ બાતમીના આધારે PSI જે.એસ.ચંપાવત અને તેમની ટીમે નડીયાદમાં માહિતી ભવન સામે આવેલા આરોપીના ઘરે દરોડો પાડી તેમને ઝડપી લીધા હતા. હાલમાં આરોપીની અટકાયત કરી આગળની તપાસ અર્થે નડીયાદ ટાઉન પોલીસને સોંપવાની તજવીજ હાથ ધરવામાં આવી છે. આ કામગીરીમાં ક્રાઇમ બ્રાન્ચના મહિલા પોલીસ કર્મચારીઓ પણ જોડાયા હતા.

**રિપોર્ટ : પ્રકાશ વાઘેલા**



# ધાણધાર રોહિત સમાજ દ્વારા ૧૭મો ભવ્ય સમૂહ લગ્ન યોજાયો

**દૈનિક પલ્સ સમાચાર:** પાલનપુરના પારપડા રામાપીર મંદિર નજીક શ્રી ધાણધાર રોહિત સમાજ ટ્રસ્ટ દ્વારા ૧૭મા સમૂહ લગ્નનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. બનાસકાંઠા જિલ્લાના પાંચ પરગણા વચ્ચે જવાબદારી વહેંચીને યોજાયેલા આ મહોત્સવમાં ૧૫ યુગલોએ લગ્નગ્રંથિથી જોડાઈ પ્રભુતામાં પગલાં પાડ્યા હતા. આ સામાજિક કાર્યક્રમમાં અનેક દાતાઓ અને રાજકીય નેતાઓએ ઉદાર હાથે દાન આપ્યું હતું. ધાનેરાના ધારાસભ્ય માવજીભાઈ દેસાઈએ ૨૫ ઘીના ડબ્બા અર્પણ કર્યા હતા, જ્યારે પાલનપુરના ધારાસભ્ય અનિકેત ઠાકર, વડગામના ધારાસભ્ય જીગ્નેશ મેવાણી, સિદ્ધપુરના પૂર્વ ધારાસભ્ય ચંદનજી ઠાકોર અને જિલ્લા પંચાયતના પૂર્વ પ્રમુખ વિજય ચક્રવર્તીએ ૫૧-૫૧ હજાર રૂપિયાનું દાન આપી નવયુગલોને આશીર્વાદ પાઠવ્યા હતા. પાનેતરના દાતા તરીકે પાયલમાસીએ સહયોગ આપ્યો હતો. કાર્યક્રમમાં બનાસકાંઠા કોંગ્રેસ પ્રમુખ ગુલાબસિંહ રાજપૂત પણ વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. ટ્રસ્ટના પ્રમુખ જશુભાઈ ચૌહાણ અને મહામંત્રી કે.એલ. પરમાર દ્વારા તમામ અતિથિઓનું સાલ અને ફૂલહારથી ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવ્યું હતું.

**રિપોર્ટ : વિષ્ણુ ઠાકોર**



**મીઠાવીરાણા પ્રાથમિક શાળામાં પ્રજાસત્તાક પર્વની ઉજવણી. ૩૩૫ બાળકોને શૈક્ષણિક કીટ વિતરણ અને ઉદાર દાતાઓનું સન્માન કરવામાં આવ્યું. રીપોર્ટ : વશાભાઈ વાલડીયા**

# થરાદ-ડીસા હાઈવે પર ગટરની ગંદકી: પાલિકાની ઘોર બેદરકારી

**દૈનિક પલ્સ સમાચાર:** થરાદ નગરપાલિકાની નિષ્ક્રિયતા અને અણઘડ વહીવટને કારણે થરાદ-ડીસા હાઈવે ગંદકીના ગંજમાં ફેરવાઈ ગયો છે. ગૌમાતા સર્કલ નજીક અમર કોમ્પ્લેક્સ અને AU બેંક પાસે છેલ્લા ત્રણ મહિનાથી ભૂગર્ભ ગટરની લાઈન વારંવાર લીક થઈ રહી છે. ગટરના પાણી રોડ પર ભરાવાને કારણે હાઈવે નરકાગારમાં ફેરવાયો છે. સ્થાનિક વેપારીઓ અને રહીશોનો આક્ષેપ છે કે તંત્ર માત્ર કાગળ પર કામગીરી બતાવી રહ્યું છે. ત્રણથી ચાર વખત પાલિકાના માણસો આવ્યા અને સફાઈના નામે દેખાડો કરીને ચાલ્યા ગયા, પરંતુ લીકેજ બંધ કરવાની દાનત કોઈની પાસે નથી. આ ગંદા પાણીથી ફેલાતી દુર્ગંધને કારણે વિસ્તારમાં રોગચાળો ફાટી નીકળવાની દહેશત છે. મુસાફરો અને રાહદારીઓ ગંદકી ખૂંદીને ચાલવા મજબૂર છે, અને લપસણા રસ્તાને કારણે ટુ-વ્હીલર ચાલકો અકસ્માતનો ભોગ બની રહ્યા છે. નગરપાલિકાના અધિકારીઓ એસી ચેમ્બરમાં બેસીને જનતાના દુઃખથી અજાણ હોઈ તેવું જણાય છે. વેપારીઓનો વ્યવસાય ઠપ થઈ રહ્યો છે અને છતાં ટેક્સ વસૂલતું તંત્ર સુવિધા આપવામાં સદંતર નિષ્ફળ ગયું છે. જનતા સવાલ કરી રહી છે કે, શું થરાદના વિકાસનું આ જ ચિત્ર છે? જો સત્વરે કાયમી ઉકેલ નહીં આવે તો આક્રોશિત રહીશો પાલિકાનો ઘેરાવો કરવાની તૈયારીમાં છે.

**રીપોર્ટ વશાભાઈ વાલડીયા**



# ડાંગ: દહેર ગામે દીપડાએ બાળકીનું ગળું દબોચ્યું, ભારે આક્રોશ

**દૈનિક પલ્સ સમાચાર**: ડાંગ જિલ્લામાં વન વિભાગની મેલી મુરાદ અને અણઘડ નીતિઓને કારણે નિર્દોષ બાળકો દીપડાનો કોળિયો બની રહ્યા છે. સુબીર તાલુકાના દહેર ગામે કનેશભાઈની 5 વર્ષની દીકરી રીયા પર દીપડાએ કરેલા હુમલાએ તંત્રની પોલ ખોલી નાખી છે. બાળકીના માતા-પિતા મજૂરીએ ગયા હતા અને દીપડાએ માસૂમના ચહેરા અને ગળા પર હિંસક હુમલો કર્યો હતો.

લોહીલુહાણ હાલતમાં બાળકી વલસાડ હોસ્પિટલમાં જીવન-મરણ વચ્ચે ઝોલા ખાઈ રહી છે. ગ્રામજનોનો આક્ષેપ છે કે વન વિભાગ દીપડાને પાંજરે પૂર્યા બાદ માત્ર ગણતરીના કલાકોમાં જ લોકેશન બદલીને ફરી આસપાસના જંગલોમાં છોડી દે છે, જેના કારણે માનવભક્ષી દીપડાઓ વારંવાર રહેણાંક વિસ્તારોમાં ત્રાટકે છે. અધિકારીઓ માત્ર પાંજરા ગોઠવીને સંતોષ માની રહ્યા છે, પરંતુ જનતાની સુરક્ષા માટે કોઈ કાયમી નક્કર આયોજન કરવામાં વન વિભાગ સદંતર વામણું પુરવાર થયું છે. **રિપોર્ટ : સંદીપ ચૌધરી**



# વડાલીમાં કોર્પોરેટરના RO પ્લાન્ટના સેમ્પલ ફેલ, લોકોના સ્વાસ્થ્ય સાથે ચેડાં

**દૈનિક પલ્સ સમાચાર:** વડાલીમાં પીવાના શુદ્ધ પાણીના વ્યવસાયના ઓઠે ચાલતી ગુનાહિત બેદરકારીનો પર્દાફાશ થયો છે. લેબોરેટરીના ચોંકાવનારા રિપોર્ટે સાબિત કરી દીધું છે કે શહેરમાં મિનરલ વોટરના નામે માત્ર ગંદકી પીરસવામાં આવી રહી છે. કલેક્ટરની સૂચના હેઠળ પાંચ પ્લાન્ટ્સની તપાસમાં વડાલી નગરપાલિકાના કોર્પોરેટર નારાયણભાઈ સગરના 'ગણેશ RO પ્લાન્ટ' અને ધરોઈ રોડ પરના 'બ્રહ્માણી RO પ્લાન્ટ' ના સેમ્પલ ફેઈલ થતા વહીવટી તંત્રમાં દોડધામ મચી ગઈ છે. સૌથી ગંભીર બાબત એ છે કે, એક લોકપ્રતિનિધિ જનતાના સ્વાસ્થ્યની દરકાર કર્યા વગર અશુદ્ધ પાણી વેચી રહ્યો છે. શું નારાયણભાઈ સગરને કાયદાનો કોઈ ડર નથી? કે પછી સત્તાના જોરે તે બધું 'મેનેજ' કરી લેશે? અનંતભાઈ પ્રજાપતિના પ્લાન્ટની હાલત પણ તેવી જ નીકળી છે. આ બંને પ્લાન્ટ્સના પાણીમાં જરૂરી મિનરલ્સનો અભાવ અને જોખમી તત્વો હોવાનું સામે આવ્યું છે, જે પાણીજન્ય ગંભીર રોગોને સીધું આમંત્રણ આપે છે.

તાલુકા હેલ્થ ઓફિસર પ્રદીપભાઈએ નિષ્ઠાપૂર્વક કામગીરી કરીને મામલતદાર અને પ્રાંત અધિકારીને આ અંગે સત્તાવાર પત્ર લખી જાણ કરી દીધી છે. હવે બોલ વહીવટી તંત્રના કોર્ટમાં છે. શું આ પ્લાન્ટ્સને કાયમી ધોરણે બંધ કરવામાં આવશે? કે પછી સામાન્ય દંડ ભરાવીને ફરીથી લોકોને ઝેર પીરસવાની પરવાનગી આપી દેવામાં આવશે? વડાલીના રહીશો હવે આક્રમક મૂડમાં છે અને માંગ કરી રહ્યા છે કે લોકોના જીવ જોખમમાં મૂકનાર કોઈ પણ હોય, પછી તે કોર્પોરેટર કેમ ન હોય, તેની સામે કડક કાર્યવાહી થવી જ જોઈએ. જો આગામી દિવસોમાં આ પ્લાન્ટ સીલ નહીં થાય તો વહીવટી તંત્રની મેલીભગત પણ છતી થશે તે નક્કી છે. **રિપોર્ટ : વિશાલ ચૌહાણ**

**વડાલી શહેરમાં મિનરલ વોટરના નામે રોગચાળો વહેંચવાનું પાપ છતું થયું છે. કલેક્ટરની સૂચનાથી થયેલી તપાસમાં પાલિકાના કોર્પોરેટર નારાયણભાઈ સગરના 'ગણેશ RO' અને અનંત પ્રજાપતિના 'બ્રહ્માણી RO' પ્લાન્ટના પાણીના સેમ્પલ લેબોરેટરી ટેસ્ટમાં ફેઈલ થયા છે. પૈસાના જોરે લોકોના જીવ જોખમમાં મૂકનારા આ પ્લાન્ટ સંચાલકો સામે હજુ સુધી કોઈ મજબૂત પગલાં લેવાયા નથી. વડાલી તાલુકા હેલ્થ ઓફિસરે મામલતદારને પત્ર તો લખ્યો છે, પણ શું આ પ્લાન્ટ કાયમી સીલ થશે કે પછી ભીનું સંકેલાશે?**

# ચાંદીયાલ માસા કંપનીની બેદરકારી: ભીષણ આગમાં કોમ્પ્લેક્ષ જોખમાયું

## દશક્રોઈ: માસા કંપનીની બેદરકારીથી ભીષણ આગ ફાટી નીકળી

**દૈનિક પલ્સ સમાચાર:** દશક્રોઈ પંથકમાં આવેલી માસા કંપનીમાં સર્જાયેલા અગ્નિકાંડને કારણે કંપની તંત્રની ઘોર બેદરકારી અને નફાખોરીની માનસિકતા ખુલ્લી પડી છે. ચાંદીયાલ ગામની આંબા હોટલ નજીક આવેલી આ કંપનીમાં લાગેલી ભીષણ આગને કારણે અફરાતફરી મચી ગઈ હતી. કંપનીમાં લાગેલી આગ એટલી વિકરાળ હતી કે તેની અસર બાજુમાં આવેલા સમૃદ્ધિ કોમ્પ્લેક્ષ-3 સુધી પહોંચી હતી, જેના કારણે કોમ્પ્લેક્ષમાં રહેતા અને વ્યવસાય કરતા લોકોના શ્વાસ અધ્ધર થઈ ગયા હતા. પ્રાથમિક દ્રષ્ટિએ આ આગ કંપની સંચાલકોની સુરક્ષા પ્રત્યેની લાપરવાહીનું પરિણામ હોવાનું જણાય છે. કંપનીમાં ફાયર એન.ઓ.સી. (NOC) કે સેફ્ટીના સાધનો કાર્યરત હતા કે કેમ તે મોટો પ્રશ્ન છે. આ ભીષણ આગે માત્ર કંપનીને જ નહીં, પણ આસપાસના રહીશોની સલામતીને પણ દાવ પર લગાવી દીધી છે. માસા કંપનીમાં વારંવાર સુરક્ષાના નિયમોનું ઉલ્લંઘન થતું હોવાની ફરિયાદો વચ્ચે આ ઘટનાએ લોકોના રોષમાં ઘી હોમ્યું છે. તંત્રએ માત્ર કાગળ પરની કાર્યવાહી કરવાને બદલે આ મામલે કડક તપાસ કરવી જોઈએ કે આટલી ભીષણ આગ લાગવા પાછળ કોણ જવાબદાર છે? કંપનીની બેદરકારીના કારણે સર્જાયેલા આ જોખમનો ભોગ સામાન્ય જનતા કેમ બને તેવો વેધક સવાલ ઉઠી રહ્યો છે. **રિપોર્ટ : ખાંટ મનુભાઈ**



**દશક્રોઈના ચાંદીયાલમાં માસા કંપનીની ઘોર બેદરકારી ફરી છતી થઈ છે. આંબા હોટલ પાસે આવેલી આ કંપનીમાં ભીષણ આગ ફાટી નીકળતા સમૃદ્ધિ કોમ્પ્લેક્ષ-3 જોખમમાં મુકાયું હતું. કંપનીના સંચાલકોના પાપે નિર્દોષ લોકોના જીવ અને મિલકત જોખમમાં મૂકાતા ભારે રોષ જોવા મળી રહ્યો છે.**

# માર્ગ સુરક્ષા માસ ૨૦૨૬: હેલમેટ અને સીટ બેલ્ટ જાગૃતિ

**દૈનિક પલ્સ સમાચાર:** રાજ્યમાં માર્ગ સુરક્ષા અંગે સજાગતા લાવવા માટે 'રાષ્ટ્રીય માર્ગ સુરક્ષા માસ ૨૦૨૬' ની ઉત્સાહભેર ઉજવણી થઈ રહી છે. માર્ગો પર અકસ્માતનું પ્રમાણ ઘટે અને નાગરિકો નિયમોનું સ્વયંભૂ પાલન કરે તે માટે વહીવટી તંત્ર દ્વારા બહુપક્ષીય અભિગમ અપનાવવામાં આવ્યો છે. અભિયાન દરમિયાન દ્વિચક્રી વાહનચાલકોને હેલમેટની અનિવાર્યતા સમજાવવામાં આવી હતી, જ્યારે કાર ચાલકોને અકસ્માત સમયે સુરક્ષા માટે સીટ બેલ્ટના ઉપયોગ અંગે માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું. શહેરના ટ્રાફિક પોઈન્ટ્સ અને જાહેર સ્થળોએ માર્ગ સુરક્ષાના સંદેશા ધરાવતા હોર્ડિંગ્સ અને આકર્ષક બેનરો લગાવીને વ્યાપક પ્રચાર કરવામાં આવ્યો છે. આ અભિયાન માત્ર દંડ પૂરતું મર્યાદિત ન રહેતા સેવાયજ્ઞમાં પણ પરિવર્તિત થયું છે. જેના ભાગરૂપે આજે રિક્ષા ચાલકો અને ભારે માલવાહક વાહનોના ડ્રાઇવરો માટે નિ:શુલ્ક આંખ ચકાસણી કેમ્પનું આયોજન કરાયું હતું. ઘણીવાર નબળી દ્રષ્ટિને કારણે રાત્રિના સમયે ગંભીર અકસ્માતો સર્જાતા હોય છે, જે અટકાવવા આ કેમ્પ આશીર્વાદરૂપ સાબિત થયો છે. મોટી સંખ્યામાં ડ્રાઇવરોએ આ સેવાનો લાભ લીધો હતો. નિષ્ણાતો દ્વારા આંખોની તપાસ કરી જરૂરિયાતમંદોને ચશ્મા અને દવાઓ અંગે માર્ગદર્શન અપાયું હતું. આ રીતે વિવિધ પ્રવૃત્તિઓ દ્વારા માર્ગ સુરક્ષા માસને સાર્થક બનાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે.
**રિપોર્ટ : ખાંટ મનુભાઈ**



# ગઢડા કોંગ્રેસ દ્વારા મતદાર યાદી મુદ્દે મામલતદારને આવેદન પત્ર પાઠવવામાં આવશે

**દૈનિક પલ્સ સમાચાર:** ગઢડામાં મતદાર યાદી સુધારણાની પ્રક્રિયા વિવાદોના વમળમાં ફસાઈ છે. ગઢડા શહેર અને તાલુકા કોંગ્રેસ સમિતિએ સત્તાધારી પક્ષ ભાજપ પર ગંભીર આક્ષેપો કરતાં જણાવ્યું છે કે, ચૂંટણી પંચની કામગીરીમાં દખલ કરીને મતદારોના નામ કાઢી નાખવાનું મોટું કાવતરું ચાલી રહ્યું છે. કોંગ્રેસના મતે, ગઢડા શહેરમાં અંદાજે ૧૧૦૦થી વધુ એવા નામો છે જેને રદ્દ કરવા માટે ખોટી રીતે ફોર્મ નંબર ૭ ભરવામાં આવ્યા છે. આ યાદીમાં મોટાભાગે સામાન્ય લોકો અને માઈનોરીટી સમાજના નામો હોવાનો દાવો કરવામાં આવ્યો છે. આ પરિસ્થિતિ સામે જનજાગૃતિ લાવવા અને વહીવટી તંત્રને સજાગ કરવા માટે કોંગ્રેસ દ્વારા ગઢડા મામલતદારને આવેદન પત્ર પાઠવવાનું નક્કી કરવામાં આવ્યું છે. બોટાદ જિલ્લા કોંગ્રેસ સમિતિના પ્રમુખ હિંમતભાઈ કટારીયાના માર્ગદર્શન હેઠળ ગઢડા શહેર અને તાલુકા કોંગ્રેસ સમિતિના આગેવાનો એકઠા થશે. તારીખ ૨૯-૦૧-૨૦૨૬ ને ગુરુવારના રોજ સવારે ૧૦:૩૦ કલાકે ગઢડા શહેર કોંગ્રેસ કાર્યાલયથી મામલતદાર કચેરી સુધી વિરોધ પ્રદર્શન સાથે પહોંચવાની તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે પૂર્વ પ્રમુખ કનુભાઈ જેબલિયા, ગઢડા શહેર પ્રમુખ કિશોરભાઈ વેલાની, વિપક્ષ નેતા મિતભાઈ ડાંગર અને રમેશભાઈ સોલંકી સહિતના નેતાઓએ કાર્યકરોને મોટી સંખ્યામાં હાજર રહેવા અપીલ કરી છે. કોંગ્રેસનું કહેવું છે કે મત આપવાનો અધિકાર એ દરેક નાગરિકનો બંધારણીય અધિકાર છે અને કોઈ રાજકીય પક્ષના ઈશારે તેને છીનવી શકાય નહીં. આ આવેદન પત્ર દ્વારા મામલતદારને વિનંતી કરવામાં આવશે કે ૧૧૦૦ જેટલા જે નામો રદ્દ કરવા માટેની દરખાસ્ત મળી છે તેની નિષ્પક્ષ તપાસ કરવામાં આવે અને ખોટી રીતે કોઈનું પણ નામ કાઢવામાં ન આવે.
**રિપોર્ટ : મનસુખ વાળા**

**ગઢડા શહેર અને તાલુકા કોંગ્રેસ સમિતિ દ્વારા મતદાર યાદીના મુદ્દે આક્રમક વલણ અપનાવવામાં આવ્યું છે. કોંગ્રેસનો આક્ષેપ છે કે ભાજપ દ્વારા ખોટી રીતે ફોર્મ નંબર ૭ ભરીને સામાન્ય લોકો અને માઈનોરીટીના ૧૧૦૦થી વધુ નામો રદ્દ કરવાનું કાવતરું રચાયું છે. આ અન્યાય વિરુદ્ધ બોટાદ જિલ્લા કોંગ્રેસ પ્રમુખ હિંમતભાઈ કટારીયાની આગેવાનીમાં ગઢડા મામલતદારને આવેદન પત્ર આપવામાં આવશે. આ કાર્યક્રમમાં જોડાવા માટે શહેર અને તાલુકાના તમામ હોદ્દેદારો, કાર્યકરો અને જનતાને હાજર રહેવા નમ્ર અપીલ કરવામાં આવી છે.**

# સાંજણાવદર સમૂહ લગ્ન: પાનેતર વિતરણ અને લગ્ન નોંધણી

**દૈનિક પલ્સ સમાચાર:** સંત શ્રી કાળુબાપુના આશીર્વાદથી સાંજણાવદર ગામમાં આઠમાં સમૂહ લગ્નનું ભવ્ય અને વ્યવસ્થિત આયોજન કરવામાં આવ્યું હતું. આ ધાર્મિક અને સામાજિક પ્રસંગે અનેક નવદંપતીઓએ પ્રભુતામાં પગલાં પાડ્યા હતા. આયોજકો દ્વારા દરેક દીકરીને પાનેતર વિતરણ કરવામાં આવ્યું હતું અને લગ્નમાં પધારેલા તમામ મહેમાનો માટે બપોરના જમવાનું ખૂબ જ સરસ આયોજન કરવામાં આવ્યું હતું.
લગ્ન પ્રસંગની સાથે વહીવટી પારદર્શિતા અને જાગૃતિ લાવવાના હેતુથી સાંજણાવદર ગામના તલાટી મંત્રીશ્રી અને રાહુલભાઈ આર. મેણીયા (ભાંભણ) દ્વારા વિશેષ કામગીરી હાથ ધરવામાં આવી હતી. તેમણે સ્થળ પર જ નવદંપતીઓની લગ્ન નોંધણી (Marriage Registration) માટે જરૂરી સહીઓ લેવાની પ્રક્રિયા પૂર્ણ કરી હતી.
આ ઉપરાંત, નવવધૂઓને સરકાર તરફથી મળતી સહાય જેવી કે 'કુંવરબાઈનું મામેરું' યોજના અને સમૂહ લગ્ન માટેની 'સાતફેરા' યોજના વિશે વિસ્તૃત માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ યોજનાઓનો લાભ કેવી રીતે લેવો અને કયા ડોક્યુમેન્ટની જરૂર પડશે તે અંગે પણ સમજણ આપવામાં આવી હતી. સાંજણાવદર ગામના આ સરાહનીય પ્રયાસથી નવદંપતીઓને લગ્ન બાદ કચેરીઓના ધક્કા ખાવામાંથી મુક્તિ મળશે અને સરકારી યોજનાઓનો સીધો લાભ પ્રાપ્ત થશે. **રિપોર્ટ : મનસુખ વાળા**






# રાજપીપળામાં ફૂડ વિભાગનું ચેકિંગ: 17 કિલો અખાદ્ય જથ્થાનો નાશ

**દૈનિક પલ્સ સમાચાર**: નર્મદા જિલ્લામાં જાહેર આરોગ્યની સુખાકારી માટે ખોરાક અને ઔષધ નિયમન તંત્ર (ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગ) દ્વારા રાજપીપળા શહેરમાં મોટા પાયે તપાસ અભિયાન હાથ ધરવામાં આવ્યું છે. ડેઝીગ્નેટેડ ઓફિસરના માર્ગદર્શન હેઠળ વિભાગની ટીમોએ શહેરના મુખ્ય વિસ્તારોમાં આવેલી હોટલો, રેસ્ટોરન્ટ્સ અને રોડ સાઈડ ખાણીપીણીના સ્ટોલ્સ પર ઓચિંતું ચેકિંગ કર્યું હતું. આ સઘન કાર્યવાહી દરમિયાન કુલ 53 વેપારીઓના વ્યવસાયિક સ્થળોની ઝીણવટભરી તપાસ કરવામાં આવી હતી. તપાસમાં અનેક જગ્યાએ ફૂડ સેફ્ટીના નિયમોનું ઉલ્લંઘન થતું હોવાનું માલૂમ પડ્યું હતું. ખાસ કરીને સ્વાસ્થ્ય માટે અત્યંત જોખમી એવા સિન્થેટિક ફૂડ કલર અને વાસી ખોરાકનો ઉપયોગ સામે આવતા તંત્રએ કડક કાર્યવાહી કરી હતી. અંદાજે 10 કિલો લાલ ચટણી, હાનિકારક કલર અને વાસી ચાઈનીઝ તેમજ પુલાવ રાઈસ મળી કુલ 16 થી 17 કિલોગ્રામ જેટલી બિનઆરોગ્યપ્રદ સામગ્રીનો સ્થળ પર જ નાશ કરવામાં આવ્યો હતો. માત્ર નાશ જ નહીં, પણ ગુણવત્તાની ખરાઈ કરવા માટે અધિકારીઓએ 7 અલગ-અલગ ખાદ્યચીજોના નમૂના લીધા છે. આ નમૂનાઓને સીલ કરી લેબોરેટરીમાં પૃથક્કરણ અર્થે મોકલી દેવાયા છે. જો લેબોરેટરીના પરિણામોમાં નમૂના ફેલ જશે તો 'ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ્સ એક્ટ' મુજબ વેપારીઓ સામે કાયદેસરના કેસ દાખલ કરવામાં આવશે. આ ઉપરાંત, તમામ વેપારીઓને વ્યક્તિગત સ્વચ્છતા, કિચનની સફાઈ અને તાજા ખાદ્યપદાર્થોના ઉપયોગ અંગે વિસ્તૃત માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. તંત્રએ સ્પષ્ટ કર્યું છે કે પ્રજાના સ્વાસ્થ્ય સાથે કોઈ પણ પ્રકારની બાંધછોડ ચલાવી લેવામાં આવશે નહીં. રાજપીપળામાં થયેલી આ ત્વરિત કાર્યવાહીથી ખાણીપીણીના બજારમાં ખળભળાટ મચ્યો છે અને ગ્રાહકોમાં તંત્રની આ કામગીરી પ્રત્યે સંતોષ જોવા મળી રહ્યો.
**રિપોર્ટ : વસીમ મેમન**





## વડોદરાના તરવૈયાઓએ ખેલ મહાકુંભ 2025 માં 58 પદકો જીત્યા

વડોદરાના સ્વિમિંગ ઇતિહાસમાં એક નવો અધ્યાય લખાયો છે. ખેલ મહાકુંભ 2025 ની સ્વિમિંગ સ્પર્ધાઓમાં વડોદરાના તરવૈયાઓએ અભૂતપૂર્વ પ્રદર્શન કરી કુલ 58 પદકો મેળવી શહેરનું નામ આખા રાજ્યમાં ઉજાગર કર્યું છે. 18 અને 19 જાન્યુઆરી, 2026 ના રોજ સમા ઇન્ડોર સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ ખાતે યોજાયેલી આ સ્પર્ધામાં વડોદરાએ 14 સુવર્ણ, 9 રજત અને 35 કાંસ્ય પદકો જીતીને પોતાની મજબૂત પકડ સાબિત કરી છે.
ટીમની આ નોંધપાત્ર સફળતામાં મુખ્યત્વે અઝિંક્યા સિંહે 4 ગોલ્ડ અને 1 સિલ્વર પદક જીત્યા હતા, જ્યારે અનુષ્યા કૈથવાસે 3 ગોલ્ડ, 1 સિલ્વર અને 1 બ્રોન્ઝ સાથે શાનદાર પ્રદર્શન કર્યું હતું. આ ઉપરાંત ફોરમ બ્રહ્મભટ્ટ, સૌમ્યા તિવારી અને ઓમ કદમે બબ્બે સુવર્ણ પદકો મેળવી સ્વિમિંગ ટ્રેક પર પોતાની ક્ષમતા બતાવી હતી. હર્ષ મહેશ્વરીએ પણ 1 ગોલ્ડ અને 1 સિલ્વર સહિત કુલ 5 પદકો જીત્યા હતા.
સ્પર્ધામાં માત્ર યુવા પ્રતિભા જ નહીં, પરંતુ અનુભવી તરવૈયાઓએ પણ દમ બતાવ્યો હતો. 40 વર્ષથી વધુ વયની પુરુષ કેટેગરીમાં કૃષ્ણકાંત રેએ બે સિલ્વર અને એક બ્રોન્ઝ પદક મેળવ્યા હતા. તેવી જ રીતે 60 વર્ષથી ઉપરની મહિલા કેટેગરીમાં લીલા ચૌહાને કાંસ્ય પદક જીતી સાબિત કર્યું કે રમત પ્રત્યેનો ઉત્સાહ ઉંમરનો મહોતાજ નથી. અન્ય વિજેતાઓમાં ભાવ્યા મહેતાએ બે રજત અને ત્રણ કાંસ્ય, જિનલ પિત્રોડાએ એક રજત અને ત્રણ કાંસ્ય પદક જીત્યા હતા. હાર્દી લાડાણી, હર્ષિલ વાઘ, મનદીપ સિંહ સંધા, નિરાલી ભલગામિયા અને રેનુંકા પાહુ સહિતના તરવૈયાઓએ કાંસ્ય પદકો મેળવી ટીમની સફળતામાં યોગદાન આપ્યું હતું.
આ ભવ્ય સફળતા પાછળ કોચ વિવેક સિંહ બોરલિયા અને કોચ કૃષ્ણ પંડ્યાની મહેનત અને સચોટ માર્ગદર્શન જવાબદાર છે. તેમની આયોજનબદ્ધ તાલીમ અને સતત પ્રોત્સાહનથી વડોદરાના ખેલાડીઓએ પાણીમાં પદકોની લહાણી કરી છે. ખેલ મહાકુંભમાં વડોદરાના ખેલાડીઓના આ નોંધપાત્ર દેખાવથી હવે વડોદરા ગુજરાતના સ્વિમિંગ હબ તરીકે મજબૂત રીતે ઉભરી આવ્યું છે. ખેલાડીઓની આ સિદ્ધિથી રમતગમત પ્રેમીઓમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે. **ભાગ્યશ્રી**

**વડોદરાના સમા ઇન્ડોર સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ ખાતે 18-19 જાન્યુઆરી દરમિયાન ખેલ મહાકુંભ 2025ની સ્વિમિંગ સ્પર્ધા યોજાઈ હતી. જેમાં વડોદરાના ખેલાડીઓએ શાનદાર પ્રદર્શન કરતા કુલ 58 પદકો હાંસલ કર્યા છે. આ સિદ્ધિમાં 14 સુવર્ણ, 9 રજત અને 35 કાંસ્ય પદકોનો સમાવેશ થાય છે. અઝિંક્યા સિંહ અને અનુષ્યા કૈથવાસ જેવા યુવા ખેલાડીઓથી લઈને વરિષ્ઠ કેટેગરીમાં લીલા ચૌહાણ સુધીના તમામ સ્પર્ધકોએ પદકો જીતી વડોદરાનું નામ રોશન કર્યું છે. કોચ વિવેક સિંહ અને કૃષ્ણ પંડ્યાના માર્ગદર્શન હેઠળ આ ઐતિહાસિક સફળતા મળી છે.**

# ડેડીયાપાડામાં કિશોરીમેળો યોજાયો: દીકરીઓને હાઈજીન કીટ અપાઈ

**દૈનિક પલ્સ સમાચાર:** નર્મદા જિલ્લાના ડેડીયાપાડા તાલુકાના અંતરિયાળ વિસ્તારમાં આવેલી ડુમખલ માધ્યમિક શાળા ખાતે તાજેતરમાં "બેટી બચાવો બેટી પઢાવો" યોજનાના ભાગરૂપે એક પ્રેરણાદાયી 'કિશોરીમેળો' સંપન્ન થયો હતો. જિલ્લા મહિલા અને બાળ અધિકારીની કચેરી દ્વારા આયોજિત આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ્ય કિશોરીઓના સ્વાસ્થ્ય, શિક્ષણ અને સર્વાંગી વિકાસને વેગ આપવાનો હતો.
આ કિશોરીમેળામાં ઉપસ્થિત વિવિધ વિષયના નિષ્ણાતોએ દીકરીઓ સાથે મૈત્રીપૂર્ણ સંવાદ કર્યો હતો. કિશોરી અવસ્થામાં આવતા શારીરિક અને માનસિક પરિવર્તનો વિશે ખુલીને ચર્ચા કરવામાં આવી હતી. ખાસ કરીને માસિક સ્ત્રાવ દરમિયાન કેવા પ્રકારની સ્વચ્છતા રાખવી જોઈએ અને તેને લગતી ગેરમાન્યતાઓ કેવી રીતે દૂર કરવી, તે અંગે વિસ્તૃત માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ ઉપરાંત, એનીમિયા (પાંડુરોગ) અને કુપોષણ જેવી ગંભીર સમસ્યાઓ સામે લડવા માટે સ્થાનિક સ્તરે મળતા પૌષ્ટિક આહાર અને લોહતત્વના મહત્વ વિશે જાણકારી આપવામાં આવી હતી. આરોગ્ય વિભાગના સહયોગથી કાર્યક્રમ સ્થળે હેલ્થ ચેકઅપ કેમ્પ પણ યોજાયો હતો, જેમાં ડૉક્ટરો દ્વારા દીકરીઓની તપાસ કરી જરૂરી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. કાર્યક્રમના આકર્ષણનું કેન્દ્ર હાઇજીન કીટનું વિતરણ હતું. સ્વચ્છતા અંગેની સભાનતા વધે તે હેતુથી તમામ સહભાગી કિશોરીઓને હાઇજીન કીટ એનાયત કરવામાં આવી હતી. આ કિશોરીમેળો માત્ર એક દિવસીય કાર્યક્રમ ન રહેતા, દીકરીઓને પોતાની શક્તિઓ ઓળખવા અને પોતાના સ્વાસ્થ્ય પ્રત્યે જાગૃત બનવા માટેનું એક પ્લેટફોર્મ પૂરું પાડ્યું હતું. આદિવાસી પંથકની દીકરીઓમાં શિક્ષણની સાથે આરોગ્ય પ્રત્યેની સભાનતા આવે તો જ સાચા અર્થમાં "બેટી પઢાવો, બેટી બચાવો" અભિયાન સફળ થઈ શકે. કાર્યક્રમના અંતે શાળાના સ્ટાફ અને કિશોરીઓએ વહીવટી તંત્રના આ પ્રયાસને બિરદાવ્યો હતો. **રિપોર્ટ : વસીમ મેમન**



**ડેડીયાપાડાના ડુમખલ ખાતે "બેટી બચાવો બેટી પઢાવો" યોજના હેઠળ કિશોરીમેળો યોજાયો હતો. જેમાં દીકરીઓને આરોગ્ય, કુપોષણ અને માસિક સ્વચ્છતા અંગે માર્ગદર્શન આપી હાઇજીન કીટનું વિતરણ કરાયું હતું. જિલ્લા મહિલા અને બાળ અધિકારીની કચેરી દ્વારા દીકરીઓના સર્વાંગી વિકાસ માટે આ સુંદર આયોજન કરવામાં આવ્યું હતું.**

# તિલકવાડામાં ફિલ્મી ઢબે પીછો: ₹5.80 લાખનો વિદેશી દારૂ ઝડપાયો

## તિલકવાડા પોલીસની મોટી કાર્યવાહી: લાખોનો દારૂ જપ્ત

**દૈનિક પલ્સ સમાચાર:** નર્મદા જિલ્લાના તિલકવાડા પંથકમાં પોલીસે ફિલ્મી દ્રશ્યો સર્જીને દારૂ ભરેલી ગાડી ઝડપી પાડી છે. તિલકવાડા પોલીસ અને નર્મદા એલસીબી સ્ટાફ પેટ્રોલિંગમાં હતો ત્યારે ચોક્કસ બાતમી મળી હતી કે એક ફોરવીલ ગાડીમાં દારૂનો જથ્થો લઈ જવામાં આવી રહ્યો છે. જેના આધારે તિલકવાડા ચાર રસ્તા ખાતે કડક નાકાબંધી કરવામાં આવી હતી.

એક શંકાસ્પદ ગાડી ત્યાં આવતા પોલીસે તેને રોકવા પ્રયાસ કર્યો, પરંતુ ડ્રાઈવરે પોલીસને જોઈને ગાડી ઉતાવરી ચોકડી તરફ ભગાવી હતી. પોલીસે તાત્કાલિક ગાડીનો પીછો શરૂ કર્યો હતો. અંતે ઉંધે માંડવા ગામ પાસે આરોપી પોતાની ગાડી છોડીને નાસી છૂટવામાં સફળ રહ્યો હતો. પોલીસે જ્યારે ગાડીની તપાસ કરી ત્યારે તેમાં છુપાવેલી ઇંગ્લિશ દારૂની 586 બોટલો મળી આવી હતી.

જપ્ત કરાયેલા દારૂ અને ફોરવીલ ગાડીની કુલ કિંમત ₹5,80,778 અંકાય છે. આ ઘટનાને પગલે બુટલેગરોમાં ફફડાટ વ્યાપી ગયો છે. પોલીસે મુદ્દામાલ કબજે કરી આરોપીની ઓળખ કરવા અને તેને પકડવા માટે વિવિધ દિશાઓમાં તપાસ હાથ ધરી છે. આ સફળ ઓપરેશનથી તિલકવાડા પોલીસે દારૂની હેરાફેરી કરતા તત્વો પર કડક લગામ કસી છે.

**રિપોર્ટ : વસીમ મેમન**



**નર્મદા જિલ્લાના તિલકવાડા ચાર રસ્તા પાસે પોલીસે નાકાબંધી દરમિયાન શંકાસ્પદ ફોરવીલ ગાડીને રોકવાનો પ્રયાસ કર્યો હતો. જોકે, ચાલકે ગાડી ભગાવતા પોલીસે તેનો ફિલ્મી ઢબે પીછો કર્યો હતો. છેક ઉંધે માંડવા ગામ નજીક આરોપી ગાડી મૂકીને નાસી છૂટ્યો હતો. પોલીસે ગાડીની તપાસ કરતા તેમાંથી ભારતીય બનાવટના વિદેશી દારૂની 586 બોટલો મળી આવી હતી. પોલીસે દારૂ અને વાહન મળી કુલ ₹5.80 લાખથી વધુનો મુદ્દામાલ જપ્ત કર્યો છે. હાલમાં ફરાર આરોપીને શોધવા માટે તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.**

# ટ્રાઈબલ યુથ એક્સચેન્જ પ્રોગ્રામ નર્મદા

## 17મો ટ્રાઇબલ યુથ એક્સચેન્જ પ્રોગ્રામ: નર્મદામાં સમાપન

**દૈનિક પલ્સ સમાચાર:** નર્મદા જિલ્લામાં શિક્ષણ અને સંસ્કૃતિના સંગમ સમાન બિરસા મુંડા ટ્રાઇબલ યુનિવર્સિટી ખાતે 17મા ટ્રાઇબલ યુથ એક્સચેન્જ પ્રોગ્રામનું ભવ્ય સમાપન કરવામાં આવ્યું. 20 થી 26 જાન્યુઆરી સુધી ચાલેલા આ રાષ્ટ્રીય કક્ષાના કાર્યક્રમમાં ઝારખંડ, ઓડિશા, મહારાષ્ટ્ર, છત્તીસગઢ અને મધ્યપ્રદેશના 200 જેટલા યુવા પ્રતિનિધિઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

સમગ્ર આયોજન દરમિયાન યુવાનો માટે 'વિકસિત ભારત @2047' વિષયક સ્પર્ધાઓ અને પ્રેરણાદાયી વ્યાખ્યાનો યોજાયા હતા. આદાન-પ્રદાનના ભાગરૂપે યુવાનોને ઔદ્યોગિક ક્ષેત્રનો અનુભવ મળે તે માટે દહેજ અદાણી પોર્ટ અને અમૂલ ડેરીની મુલાકાત કરાવાઈ હતી. ઉપરાંત, સ્ટેચ્યુ ઓફ યુનિટી અને વેલી ઓફ ફ્લાવર્સના પ્રવાસથી યુવાનો અભિભૂત થયા હતા.

ઉદ્ઘાટન સમારંભમાં સાંસદ હેમંગ જોશી જ્યારે સમાપનમાં કુલપતિ ડૉ. મધુકર પાડવી અને સેશન જજ ડૉ. રમેશભાઈ પંચાલ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. MY Bharat નર્મદા દ્વારા આયોજિત આ કાર્યક્રમ થકી આદિવાસી યુવાનોને રાષ્ટ્રીય ઓળખ અને આત્મવિશ્વાસનું નવું પ્લેટફોર્મ મળ્યું છે. **રિપોર્ટ : વસીમ મેમન**



# દેસાસણ ગામે ₹25 લાખના પંચાયત ભવનનું ધારાસભ્યના હસ્તે ખાતમુહૂર્ત

**દૈનિક પલ્સ સમાચાર:** હિંમતનગર તાલુકાના દેસાસણ ગામમાં વિકાસની નવી ક્ષિતિજો વિસ્તરી રહી છે. સાબરકાંઠાના લોકપ્રિય ધારાસભ્ય વી.ડી. ઝાલાની વિશેષ ઉપસ્થિતિમાં ગામમાં નવીન પંચાયત ભવનનું ખાતમુહૂર્ત સંપન્ન થયું હતું. ગ્રામીણ વિસ્તારના વિકાસમાં પંચાયત ભવન મહત્વની ભૂમિકા ભજવે છે, તે હેતુને સાર્થક કરવા માટે સરકાર દ્વારા ₹25 લાખની ફાળવણી કરવામાં આવી છે. આ નવીન મકાનના નિર્માણથી ગામ લોકોને વહીવટી કામકાજ માટે સુવિધાયુક્ત સ્થળ પ્રાપ્ત થશે. ખાતમુહૂર્ત પ્રસંગે દેસાસણ ગામના સરપંચ, તલાટી કમ મંત્રી તથા પંચાયત કમિટીના તમામ સભ્યોએ ઉત્સાહપૂર્વક હાજરી આપી હતી. ધારાસભ્ય વી.ડી. ઝાલાએ તકતી અનાવરણ કરી બાંધકામનો વિધિવત પ્રારંભ કરાવ્યો હતો. આ તકે તેમણે જણાવ્યું હતું કે, ગામડાઓનો સર્વાંગી વિકાસ એ સરકારની પ્રાથમિકતા છે. ખાતમુહૂર્ત બાદ ધારાસભ્યની અધ્યક્ષતામાં એક મહત્વપૂર્ણ વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં સરકારની વિવિધ જનકલ્યાણકારી યોજનાઓ, જેવી કે આયુષ્માન કાર્ડ, કિસાન સહાય યોજના અને ગ્રામીણ આવાસ યોજનાઓ વિશે ઝીણવટભરી માહિતી આપવામાં આવી હતી. ધારાસભ્યએ ગ્રામજનોને પ્રોત્સાહિત કરતા કહ્યું કે, જાગૃતિના અભાવે કોઈ પણ પાત્રતા ધરાવતો વ્યક્તિ યોજનાના લાભથી વંચિત ન રહેવો જોઈએ. વર્કશોપ દરમિયાન મોટી સંખ્યામાં ગ્રામજનોએ ઉપસ્થિત રહીને વિવિધ સરકારી યોજનાઓના ફોર્મ અને પ્રક્રિયા વિશે પૂછપરછ કરી હતી અને માહિતગાર થયા હતા. આ કાર્યક્રમ માત્ર ખાતમુહૂર્ત પૂરતો સીમિત ન રહેતા, ગ્રામીણ જનતા માટે માહિતીનું કેન્દ્ર સાબિત થયો હતો. ₹25 લાખના ખર્ચે બનનાર પંચાયત મકાન અને યોજનાકીય માહિતીના પ્રસારથી દેસાસણ ગામના વિકાસમાં નવો અધ્યાય ઉમેરાયો છે. અંતમાં ગ્રામ પંચાયત પરિવાર દ્વારા ધારાસભ્ય અને પધારેલા મહેમાનોનો આભાર માનવામાં આવ્યો હતો.

**રિપોર્ટ : જનક જાદવ**






# હિંમતનગર ગણેશ બંગ્લોઝમાં મોટી ચોરી, પોલીસ તપાસ શરૂ

**દૈનિક પલ્સ સમાચાર:** હિંમતનગર શહેરમાં તસ્કરોએ પોલીસને પડકાર ફેંકતા વધુ એક ઘરફોડ ચોરીને અંજામ આપ્યો છે. ઠંડીના કારણે લોકો વહેલા ઘરમાં પુરાઈ જાય છે, ત્યારે ચોરો તેનો ફાયદો ઉઠાવી રહ્યા છે. શહેરના ખેડ તસિયા રોડ પર આવેલ ગણેશ બંગ્લોઝમાં રહેતો એક પરિવાર જ્યારે પોતાના વતનમાં ગયો હતો, ત્યારે પાછળથી તસ્કરોએ બંધ બંગલામાં ત્રાટકીને લાખોની મત્તાની ચોરી કરી છે. તસ્કરોએ મકાનનું તાળું તોડી અંદર રાખેલા સોના અને ચાંદીના કિંમતી ઘરેણાં સહિત રોકડ રકમની ચોરી કરી પલાયન થઈ ગયા હતા. પરિવાર જ્યારે પોતાના વતનથી હિંમતનગર પરત આવ્યો ત્યારે ઘરની હાલત જોઈ સ્તબ્ધ થઈ ગયો હતો. કબાટના તાળા તૂટેલા હતા અને કિંમતી સામાન ગાયબ હતો. આ ઘટના બાદ તુરંત જ હિંમતનગર એ-ડિવિઝન પોલીસ મથકમાં ફરિયાદ કરવામાં આવી છે. પોલીસે અજાણ્યા શખ્સો વિરુદ્ધ ગુનો નોંધીને તપાસના ચક્રો ગતિમાન કર્યા છે. આસપાસના સીસીટીવી ફૂટેજ ચકાસવાની કામગીરી પણ હાથ ધરાઈ છે. શિયાળાની મોસમમાં જ્યારે ચોરીના બનાવો વધી રહ્યા છે, ત્યારે પોલીસ પેટ્રોલિંગ વધારવામાં આવે તેવી માંગ ઉઠી છે. આ ઘટનાથી સોસાયટીના રહીશોમાં પોતાની સુરક્ષાને લઈને ચિંતા વ્યાપી ગઈ છે. **રિપોર્ટ : જનક જાદવ**



**હિંમતનગરના ખેડ તસિયા રોડ પર આવેલા ગણેશ બંગ્લોઝમાં તસ્કરોએ બંધ મકાનને નિશાન બનાવ્યું હતું. પરિવાર વતન ગયો હતો ત્યારે તસ્કરો સોના-ચાંદીના દાગીના અને રોકડની ચોરી કરી ફરાર થઈ ગયા હતા. મકાનમાલિકે આ અંગે એ-ડિવિઝન પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા તપાસ શરૂ કરાઈ છે. રિપોર્ટ : જનક જાદવ**

# ચરખા ગામ પાસે કાર અકસ્માત, મુસાફરોનો આબાદ બચાવ

**દૈનિક પલ્સ સમાચાર:** અમરેલી જિલ્લાના બાબરા તાલુકામાં આવેલા ચરખા ગામ પાસે અકસ્માતની ઘટના બની છે. પ્રાપ્ત વિગતો મુજબ, ચરખા ગામ નજીક આવેલા મહાદેવ પેટ્રોલ પંપ પાસેથી પસાર થતી એક ફોરવીલ કારના ચાલકે અચાનક સ્ટિયરિંગ પરનો કાબૂ ગુમાવી દીધો હતો. જેના પરિણામે કાર બેકાબૂ બની માર્ગની બાજુમાં ફસડાઈ પડી હતી.

અકસ્માતને પગલે આસપાસના લોકો અને પેટ્રોલ પંપનો સ્ટાફ તાત્કાલિક મદદ માટે દોડી આવ્યો હતો. કારમાં સવાર મુસાફરોને સુરક્ષિત રીતે બહાર કાઢવામાં આવ્યા હતા. સદનસીબે આ અકસ્માતમાં કોઈ ગંભીર ઇજા કે જાનહાનિ નોંધાઈ નથી, જે એક મોટી રાહતની બાબત છે. વાહન ચાલકોમાં ચર્ચા મુજબ અચાનક કોઈ કારણસર કાબૂ ગુમાવવાને કારણે આ ઘટના બની હોઈ શકે છે. અકસ્માતના કારણે કારને નુકસાન પહોંચ્યું છે, પરંતુ તમામ મુસાફરો સહીસલામત હોવાથી પરિવારે પણ હાશકારો અનુભવ્યો છે.

**રિપોર્ટ : મનીષ રામાણી**




# સાબરકાંઠામાં વહીવટી બદલી: 24 નાયબ મામલતદાર અને 18 તલાટી બદલાયા

**દૈનિક પલ્સ સમાચાર:** સાબરકાંઠા જિલ્લાના વહીવટી માળખામાં ધરખમ ફેરફાર જોવા મળ્યા છે. રાજ્ય સરકારના વહીવટી વિભાગના નિર્દેશો મુજબ જિલ્લા કલેક્ટર લલિત નારાયણ સિંધુએ જિલ્લાના મહેસૂલી તંત્રમાં મોટા પાયે આંતરિક બદલીઓના હુકમ કર્યા છે. આ ફેરબદલમાં વહીવટી તંત્રના કરોડરજ્જુ સમાન નાયબ મામલતદાર અને રેવન્યુ તલાટીઓનો સમાવેશ થાય છે.

વિગતવાર માહિતી મુજબ, જિલ્લામાં ફરજ બજાવતા 24 નાયબ મામલતદારોને અન્યત્ર ખસેડવામાં આવ્યા છે, જ્યારે 18 રેવન્યુ તલાટીઓની પણ આંતરિક બદલી કરવામાં આવી છે. વહીવટી વિભાગ દ્વારા લેવાયેલા આ નિર્ણયથી જિલ્લાના વિવિધ તાલુકાઓના મહેસૂલી સમીકરણોમાં બદલાવ આવશે. કલેક્ટર દ્વારા લેવામાં આવેલા આ પગલા પાછળનો મુખ્ય ઉદ્દેશ્ય સરકારી યોજનાઓનું અમલીકરણ ઝડપી બનાવવાનો અને વહીવટી પારદર્શિતા જાળવવાનો છે. સામાન્ય રીતે ચૂંટણી પહેલા અથવા વર્ષના અંતે આવા ફેરફારો થતા હોય છે, પરંતુ સાબરકાંઠામાં થયેલી આ બદલીઓ રૂટિન વહીવટી પ્રક્રિયાનો ભાગ હોવાનું જણાવાયું છે. આ ફેરબદલથી કેટલાક કર્મચારીઓમાં ફફડાટ તો કેટલાકમાં નવી જવાબદારીનો ઉત્સાહ જોવા મળી રહ્યો છે. હવે આગામી દિવસોમાં આ નવા ફેરફાર સાથે જિલ્લાનું મહેસૂલી તંત્ર કેવી રીતે કાર્યરત રહે છે તે જોવું રહ્યું.

**રિપોર્ટ : જનક જાદવ**



**સાબરકાંઠા જિલ્લા કલેક્ટર લલિત નારાયણ સિંધુ દ્વારા વહીવટી પ્રક્રિયાના ભાગરૂપે આંતરિક બદલીઓના આદેશ અપાયા છે. જેમાં 24 નાયબ મામલતદાર અને 18 રેવન્યુ તલાટીઓનો સમાવેશ થાય છે. સરકારી કામગીરીમાં વેગ લાવવા માટે આ મોટા પાયે ફેરફાર કરવામાં આવ્યા છે.**

# સુરત પલસાણામાં કરોડોનું ડ્રગ્સ ઝડપાયું: NCB એ 3 ની ધરપકડ કરી

**દૈનિક પલ્સ સમાચાર:** સુરત જિલ્લામાં માદક દ્રવ્યોના વેપાર સામેની લડાઈમાં NCB એ એક મોટો ફટકો માર્યો છે. પલસાણા તાલુકાના દાસ્તાન ગામેથી કરોડો રૂપિયાની કિંમતનું ડ્રગ્સ ઝડપાયું છે, જે બેંગલુરુથી સુરત લાવવામાં આવ્યું હતું. દાસ્તાન રેસિડેન્સીમાં ચાલતા આ ગુપ્ત નેટવર્કનો પર્દાફાશ NCB ની ટીમે બાતમીના આધારે કર્યો હતો.

તપાસ એજન્સીને માહિતી મળી હતી કે રૂમ નંબર 397 માં ડ્રગ્સના સોદાગરો છુપાયેલા છે. જ્યારે ટીમે ત્યાં ત્રાટકી ત્યારે ત્રણ આરોપીઓ ડ્રગ્સના મોટા જથ્થા સાથે મળી આવ્યા હતા. આરોપીઓ ડ્રગ્સની હેરફેર માટે ફોર્ચ્યુનર કારનો ઉપયોગ કરતા હતા, જે પણ જપ્ત કરી લેવાઈ છે. આટલી મોટી કિંમતના ડ્રગ્સના પકડાવવાના સમાચારથી જિલ્લા પોલીસ તંત્રમાં પણ દોડધામ મચી ગઈ હતી. NCB દ્વારા કરવામાં આવેલી પૂછપરછમાં જાણવા મળ્યું છે કે આ માદક દ્રવ્યો બેંગલુરુના કોઈ મોટા સપ્લાયર પાસેથી મેળવવામાં આવ્યા હતા. ડ્રગ્સની આ ખેપ કોને આપવાની હતી અને સુરત સિવાય બીજા કયા શહેરોમાં આ નેટવર્ક ફેલાયેલું છે તે જાણવા માટે NCB એ તપાસનો વ્યાપ વધાર્યો છે. સ્થાનિક પોલીસ ટીમ પણ દરોડા સમયે હાજર રહી હતી અને સુરક્ષા વ્યવસ્થા જાળવવામાં મદદ કરી હતી. યુવા પેઢીને બરબાદ કરતા આ નશાના કારોબારને જડમૂળથી ઉખેડવા માટે NCB હવે આરોપીઓના મોબાઈલ ડેટા અને કોલ ડિટેલ્સની પણ તપાસ કરી રહી છે. પલસાણા જેવા શાંત વિસ્તારમાં આટલું મોટું ડ્રગ્સ રેકેટ પકડાવું એ સુરત અને આસપાસના વિસ્તારો માટે ચિંતાનો વિષય છે. આગામી દિવસોમાં આ મામલે હજુ વધુ ધરપકડ થાય તેવી સંભાવના છે.

**રિપોર્ટ : સરફરાઝ શેખ**



**સુરતના પલસાણાના દાસ્તાન ગામેથી NCBએ કરોડોનું ડ્રગ્સ ઝડપી પાડ્યું છે. બેંગલુરુથી લાવવામાં આવેલા આ જથ્થા સાથે ત્રણ શખ્સોની ધરપકડ કરવામાં આવી છે. તપાસ દરમિયાન ફોર્ચ્યુનર કાર પણ જપ્ત કરાઈ છે. હાલ આ નેટવર્ક ક્યાં સુધી ફેલાયેલું છે તેની પૂછપરછ શરૂ છે.**

# ખડસલી લોકશાળામાં પૂર્વ વિદ્યાર્થીઓનું સ્નેહમિલન: મોરારિબાપુ આપશે આશીર્વાદ


## ખડસલી લોકશાળા પૂર્વ વિદ્યાર્થી સ્નેહમિલન 2026

**દૈનિક પલ્સ સમાચાર:** સાવરકુંડલા તાલુકાના ખડસલી ગામ ખાતે કાર્યરત 'લોકશાળા' અને 'ગ્રામ સેવા કેન્દ્ર'ના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનું એક ભવ્ય સ્નેહમિલન આગામી 29-30 જાન્યુઆરીએ યોજાવા જઈ રહ્યું છે. આ આત્મીય સંમેલન પૂર્વ વિદ્યાર્થી પરિષદના સહયોગથી આયોજિત કરવામાં આવ્યું છે, જેનો મુખ્ય ઉદ્દેશ્ય વર્ષો પહેલા છૂટા પડેલા મિત્રોને ફરી એક મંચ પર લાવવાનો છે.

આ સમારોહની સૌથી મોટી વિશેષતા પરમ પૂજ્ય મોરારિબાપુની ઉપસ્થિતિ છે. તેઓ પૂર્વ વિદ્યાર્થીઓને આશીર્વચન પાઠવશે અને તેમની સાથે સંવાદ કરશે. પ્રથમ દિવસે આગમન અને ભોજન બાદ જૂના મિત્રો સાથેની ગોષ્ટી, સંસ્થા દર્શન અને મેદાની રમતોનું આયોજન છે. રાત્રિના સમયે સાંસ્કૃતિક કાર્યક્રમોની પ્રસ્તુતિ થશે અને લેખક દોસ્તભાઈ બ્લોચ લિખિત પુસ્તક 'અવિસ્મરણીય છબીઓ'નું ગરિમાપૂર્ણ વિમોચન કરવામાં આવશે. બીજા દિવસે સમૂહ પ્રાર્થના અને મુખ્ય સભા બાદ ભાવસભર વિદાય સાથે કાર્યક્રમ પૂર્ણ થશે.

હિંમતભાઈ ગોડા, ડો. કૃણાલ બદાણી અને મનુભાઈ ખીમાણી જેવા અગ્રણીઓ આ આયોજનને સફળ બનાવવા જહેમત ઉઠાવી રહ્યા છે. લોકશાળાના આંગણે ફરી એકવાર જૂની સ્મૃતિઓ જીવંત થશે, જેને લઈ દેશ-વિદેશમાં વસતા સંસ્થાના પૂર્વ વિદ્યાર્થીઓમાં અનેરો આનંદ વ્યાપ્યો છે.

**રિપોર્ટ : સમીર ખોખર**



**સાવરકુંડલાના ખડસલી ગામે 'ગ્રામ સેવા કેન્દ્ર' અને 'લોકશાળા'ના પૂર્વ વિદ્યાર્થીઓનું બે દિવસીય ભવ્ય આત્મીય સંમેલન 29 અને 30 જાન્યુઆરીએ યોજાશે. પૂજ્ય મોરારિબાપુની નિશ્રામાં યોજાનારા આ કાર્યક્રમમાં રમતગમત, સાંસ્કૃતિક કૃતિઓ અને પુસ્તક વિમોચન જેવા પ્રકલ્પો દ્વારા જૂની યાદો તાજી કરાશે.**

# ભરૂચ શોપિંગ કોમ્પ્લેક્સ ડિમોલિશન

## ભરૂચમાં જિલ્લા પંચાયતના શોપિંગ કોમ્પ્લેક્સ પર બુલડોઝર

**દૈનિક પલ્સ સમાચાર:** ભરૂચ શહેરના વ્યસ્ત ગણાતા સીટી સેન્ટર વિસ્તારની સામે જિલ્લા પંચાયતની માલિકીનું જે શોપિંગ કોમ્પ્લેક્સ વર્ષોથી ધૂળ ખાતું હતું, તેનો આજે અંત આવ્યો છે. વહીવટી તંત્ર દ્વારા લાખોના ખર્ચે નિર્મિત આ 36 દુકાનો ધરાવતા કોમ્પ્લેક્સને તોડી પાડવાની ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું. આ ઇમારત લાંબા સમયથી જર્જરિત હોવાથી અહીં અવરજવર કરતા લોકો માટે જોખમી સાબિત થઈ શકે તેમ હતી. પ્રશાસન દ્વારા લેવામાં આવેલા આકરા નિર્ણય મુજબ, સવારથી જ ભારે મશીનરી અને પોલીસ બંદોબસ્ત સાથે ડિમોલિશનની કામગીરી શરૂ કરી દેવામાં આવી હતી. આ પ્રક્રિયા દરમિયાન કોમ્પ્લેક્સના પરિસરમાં આવેલી એક દરગાહને પણ દૂર કરવામાં આવી હતી. અધિકારીઓના મતે, આ બિનઉપયોગી સ્ટ્રક્ચર હટાવવાથી શહેરના આર્થિક હબ ગણાતા વિસ્તારમાં નવી જગ્યા ખુલ્લી થશે જેનો ઉપયોગ ભવિષ્યના આયોજન માટે કરી શકાશે. સ્થાનિક રહીશો અને વેપારીઓએ પણ આ કામગીરીને મિશ્ર પ્રતિસાદ આપ્યો હતો, પરંતુ સુરક્ષાની દ્રષ્ટિએ આ પગલું અનિવાર્ય હોવાનું મનાય છે. સમગ્ર વિસ્તારમાં પોલીસનો ચુસ્ત પહેરો રાખવામાં આવ્યો હતો જેથી કોઈપણ વિરોધ પ્રદર્શન કે ઘર્ષણની સ્થિતિ ટાળી શકાય. હવે આ ખાલી થયેલી જમીન પર વહીવટી તંત્ર શું નવું નિર્માણ કરે છે તેના પર સૌની નજર છે. **રિપોર્ટ : શૈલેષ સોલંકી**

**ભરૂચ સીટી સેન્ટર સામે 36 દુકાનો ધરાવતા જર્જરિત શોપિંગ કોમ્પ્લેક્સને તંત્ર દ્વારા પોલીસ બંદોબસ્ત વચ્ચે તોડી પાડવામાં આવ્યું.**

# વિજપડી ગાયત્રી વિદ્યાલયમાં 77માં પ્રજાસત્તાક પર્વની ભવ્ય ઉજવણી

**દૈનિક પલ્સ સમાચાર:** અમરેલીના વિજપડી સ્થિત શ્રી ગાયત્રી વિદ્યાલયમાં 77માં પ્રજાસત્તાક દિનની ઉજવણી રાષ્ટ્રભક્તિના માહોલમાં સંપન્ન થઈ. શ્રી સર્વોદય એજ્યુકેશન ટ્રસ્ટ દ્વારા આયોજિત આ કાર્યક્રમમાં શિક્ષણ અને સંસ્કારનો અદભૂત સમન્વય જોવા મળ્યો. આ વર્ષની વિશેષતા એ રહી કે ધ્વજવંદન માટે કોઈ રાજકીય નેતાને બદલે શાળાની જ હોનહાર વિદ્યાર્થીની મોર આયુષીબેન હરેશભાઈની પસંદગી કરવામાં આવી, જેમણે ધોરણ-10 બોર્ડમાં વિજપડી કેન્દ્રમાં પ્રથમ સ્થાન મેળવ્યું હતું. આ પગલા દ્વારા શાળા પરિવારે 'બેટી બચાવો, બેટી પઢાવો'ના સંદેશને સાર્થક કર્યો. ઉજવણીની શરૂઆત દેશભક્તિના નારાઓ સાથેની ભવ્ય પ્રભાત ફેરીથી થઈ હતી, જેમાં મોટી સંખ્યામાં ગ્રામજનો જોડાયા હતા. ત્યારબાદ યોજાયેલા સાંસ્કૃતિક કાર્યક્રમમાં બાળકોએ વીર શહીદો અને સ્વતંત્રતા સેનાનીઓના જીવન પર આધારિત નાટકો અને નૃત્યો રજૂ કરી સૌની આંખો ભીની કરી દીધી હતી. ટ્રસ્ટી ખીમજીભાઈ ગુર્જર અને આચાર્ય રમેશભાઈ ગુર્જરના માર્ગદર્શન હેઠળ સ્ટાફ મિત્રોએ રાત-દિવસ મહેનત કરીને કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. અંતમાં તેજસ્વી વિદ્યાર્થીઓનું સન્માન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ માત્ર એક ઉત્સવ નહીં પણ નવી પેઢીમાં રાષ્ટ્રભાવના જગાડવાનું માધ્યમ બન્યો.



**સાવરકુંડલાના વિજપડીની ગાયત્રી વિદ્યાલયમાં 77માં પ્રજાસત્તાક પર્વની ભવ્ય ઉજવણી કરાઈ. ધોરણ-10ની તેજસ્વી છાત્રા મોર આયુષીબેનના હસ્તે ધ્વજવંદન કરી કન્યા કેળવણીને પ્રોત્સાહન અપાયું. સાંસ્કૃતિક કાર્યક્રમો અને પ્રભાત ફેરીએ આકર્ષણ જમાવ્યું હતું. શાળાના સ્ટાફ અને ગ્રામજનોની ઉપસ્થિતિમાં ઉત્સવ યાદગાર બન્યો. રિપોર્ટ : સમીર ખોખર**




# સાવલીમાં 17 વર્ષીય સગીરાનું અપહરણ: પોલીસ તપાસ શરૂ

**દૈનિક પલ્સ સમાચાર:** વડોદરા જિલ્લાના સાવલી તાલુકામાં રહેતી એક 17 વર્ષીય સગીર યુવતીના અપહરણની ઘટનાને પગલે સમગ્ર વિસ્તારમાં ચકચાર મચી છે. આ ઘટના 25 જાન્યુઆરીના રોજ મધરાતથી સવારના 5 વાગ્યાના સમયગાળા દરમિયાન બની હોવાનું સામે આવ્યું છે.

પરિવારના જણાવ્યા અનુસાર, યુવતી અચાનક ઘરેથી ગુમ થઈ ગઈ હતી. પ્રાથમિક આશંકા એવી છે કે કોઈ અજાણ્યો શખ્સ સગીરાને લગ્નના ઇરાદે લલચાવી-ફોસલાવીને ક્યાંક લઈ ગયો છે. શરૂઆતમાં પરિવારે પોતાના સ્તરે સગા-સંબંધીઓ અને આસપાસના વિસ્તારોમાં દીકરીની તપાસ કરી હતી, પરંતુ સફળતા ન મળતા અંતે સાવલી પોલીસ મથકે પહોંચ્યા હતા. ફરિયાદ નોંધાવવામાં થયેલા વિલંબ પાછળનું કારણ પરિવારજનો દીકરીની શોધખોળમાં સતત વ્યસ્ત હતા તે હોવાનું જણાવાયું છે.

સાવલી પોલીસે આ મામલે ગંભીરતા દાખવી ભારતીય ન્યાય સંહિતા (BNS)-2023 ની કલમ 137(2) અને 87 મુજબ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે. પોલીસની વિવિધ ટીમો હાલમાં યુવતી અને શંકાસ્પદ આરોપીના સગડ મેળવવા માટે કામે લાગી છે. સીસીટીવી ફૂટેજ અને મોબાઈલ લોકેશનના આધારે પણ તપાસનો વ્યાપ વધારવામાં આવ્યો છે. પોલીસને આશા છે કે ટૂંક સમયમાં જ સગીરાને શોધી કાઢવામાં આવશે અને આરોપીને જેલના સળિયા પાછળ ધકેલી દેવાશે. **રિપોર્ટ : કિરણસિંહ સોલંકી**




**સાવલીમાં સગીરાના અપહરણથી ચકચાર. 17 વર્ષીય યુવતીને લગ્નની લાલચે ભગાવી ગયાની ફરિયાદ નોંધાઈ. પોલીસ દ્વારા તપાસ તેજ.**

# સાવલીના જૂના સમલાયામાં મકાનમાં લાગી આગ, કોઈ જાનહાનિ નહીં

**દૈનિક પલ્સ સમાચાર:** સાવલીના જૂના સમલાયા વિસ્તારમાં આજે એક રહેણાંક મકાનમાં ભયાનક આગ લાગવાની ઘટના બની છે. આ દુર્ઘટનાને કારણે પરિવારની વર્ષોની મહેનતથી વસાવેલો સામાન જોતજોતામાં બળીને ખાખ થઈ ગયો છે.

ઘટનાની વિગતો મુજબ, જૂના સમલાયામાં સ્થિત એક મકાનમાંથી અચાનક ધુમાડાના ગોટા નીકળવાનું શરૂ થયું હતું. જોતજોતામાં આગની જ્વાળાઓ દેખાતા આસપાસના રહીશોમાં ભારે ગભરાટ ફેલાયો હતો અને લોકો ઘરની બહાર દોડી આવ્યા હતા. સ્થાનિક યુવાનોએ હિંમત દાખવી મકાનમાં લાગેલી આગને બુઝાવવાના પૂરતા પ્રયાસો કર્યા હતા, તેમ છતાં આગે ઘરના અંદરના ભાગને લપેટમાં લઈ લીધો હતો. આગની ગંભીરતાને જોતા તાત્કાલિક ધોરણે જુબેલન્ટ કંપનીના ફાયર વિભાગનો સંપર્ક કરવામાં આવ્યો હતો. જુબેલન્ટની ટીમ ફાયર ફાઈટર સાથે સ્થળ પર પહોંચી હતી અને સતત પાણીનો મારો ચલાવી આગને બુઝાવી હતી. સમયસર ફાયર બ્રિગેડની મદદ મળી રહેતા આગ આસપાસના અન્ય મકાનોમાં પ્રસરતા અટકી હતી, જેથી મોટી હોનારત ટળી હતી.

જોકે, આગના કારણે મકાનમાં રહેલા ઈલેક્ટ્રોનિક ઉપકરણો, ફર્નિચર અને અન્ય કિંમતી સામાનને ભારે નુકસાન થયું છે. સદનસીબે, ઘટના સમયે સમયસૂચકતા વાપરતા કોઈ જાનહાનિ થઈ નથી. આગ લાગવાનું કારણ હજુ સુધી સ્પષ્ટ થયું નથી, જેને લઈને સ્થાનિક સ્તરે તપાસ હાથ ધરવામાં આવી છે.



**દાહોદ જિલ્લાના કારઠ ખાતે પ્રભારી મંત્રી અર્જુનભાઈ મોઢવાડીયાની અધ્યક્ષતામાં ૭૭મા પ્રજાસત્તાક પર્વની ઉજવણી કરાઈ. મંત્રીશ્રીએ લીમડી તાલુકાના વિકાસ માટે રૂ. ૨૫ લાખ અને કારઠ ગામ માટે રૂ. ૨ લાખનો ચેક અર્પણ કર્યો હતો. વિવિધ ક્ષેત્રના કર્મયોગીઓનું સન્માન અને સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાયા હતા. રિપોર્ટ : કિરણસિંહ સોલંકી**

# મેરા કુવા ગામનો ભવ્ય ઇતિહાસ: પરમાર શૂરવીરોની વીરગાથા

**દૈનિક પલ્સ સમાચાર:** ગુજરાતની ધરતી પર અનેક વીરગાથાઓ છુપાયેલી છે, જે પૈકીનું એક એટલે મેરા કુવા ગામ. આ ગામનો ઇતિહાસ પાવાગઢના પતાઈ રાવળના શાસનકાળ સાથે જોડાયેલો છે. વિક્રમ સંવત 1585 માં જ્યારે પાવાગઢ પર યુદ્ધના વાદળો મંડાયા, ત્યારે મૂળી (સુરેન્દ્રનગર) થી પરમાર વંશના શૂરવીરો રાજાની વહારે આવ્યા હતા. વિજયી લડાઈ બાદ આ શૂરવીરોએ મેરા કુવા ગામની સ્થાપના કરી અને અહીં વસવાટ શરૂ કર્યો. ઇ.સ. 1863 માં ગજેન્દ્રસિંહ પરમારના નેતૃત્વ હેઠળ આ ગામ એક સુવ્યવસ્થિત અને સ્થાયી વસાહત તરીકે ઉભરી આવ્યું. મેરા કુવા ગામનો ઇતિહાસ માત્ર સંઘર્ષનો નથી, પરંતુ તે સંસ્કૃતિના સંરક્ષણ અને બલિદાનની ગાથા છે. આજે પણ ગામના વડીલો આ ગૌરવશાળી પરંપરાને જીવંત રાખી રહ્યા છે. શૂરવીરોનો આ વારસો આવનારી પેઢીઓ માટે પ્રેરણા સ્ત્રોત બની રહ્યો છે, જે સાબિત કરે છે કે મેરા કુવા એ માત્ર ગામ નથી, પણ ગુજરાતના ગૌરવનું પ્રતીક છે. **રિપોર્ટ : કિરણસિંહ સોલંકી**



# આંકલાવ કોંગ્રેસની ચૂંટણી અધિકારીને રજૂઆત: મતદાર યાદીમાં ગેરરીતિ

**દૈનિક પલ્સ સમાચાર:** આણંદ જિલ્લાના આંકલાવ તાલુકામાં મતદાર યાદી સુધારણા કાર્યક્રમ વિવાદના વમળમાં ફસાયો છે. આંકલાવ તાલુકા અને શહેર કોંગ્રેસ સમિતિએ મુખ્ય ચૂંટણી અધિકારીને લેખિત રજૂઆત કરીને મતદાર યાદીમાં છેડછાડના પ્રયાસો સામે લાલ આંખ કરી છે.

મુખ્ય વિગત મુજબ, 19 ડિસેમ્બર 2025 ના રોજ મુસદ્દા યાદી પ્રસિદ્ધ થયા બાદ ફોર્મ ભરવાની છેલ્લી તારીખો (16 થી 18 જાન્યુઆરી) દરમિયાન અચાનક હજારોની સંખ્યામાં 'ફોર્મ-7' (નામ કમી કરવા માટેના ફોર્મ) રજૂ કરવામાં આવ્યા હતા. કોંગ્રેસનો આક્ષેપ છે કે સત્તાધારી ભાજપ દ્વારા ચોક્કસ જ્ઞાતિ, ધર્મ અને વિચારધારા ધરાવતા મતદારોને મતાધિકારથી વંચિત રાખવા માટે આ "બલ્ક સબમિશન" કરવામાં આવ્યું છે.

કોંગ્રેસે માંગણી કરી છે કે:

1. ચૂંટણી કચેરીઓના CCTV ફૂટેજની તટસ્થ તપાસ થાય.

- જે અધિકારીઓએ નિયમો વિરુદ્ધ જઈને જથ્થાબંધ ફોર્મ સ્વીકાર્યા છે તેમની સામે ફોજદારી પગલાં લેવાય.
- વાંધા અરજી કરનાર વ્યક્તિને પહેલા નોટિસ આપી પુરાવા માંગવામાં આવે, જેથી નિર્દોષ મતદારોને હાલાકી ન ભોગવવી પડે.

કોંગ્રેસ સમિતિએ સ્પષ્ટ ચેતવણી આપી છે કે જો આ ગેરકાયદેસર વાંધા અરજીઓ ફગાવવામાં નહીં આવે અને પારદર્શક તપાસ નહીં થાય, તો તેઓ ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલન કરશે અને આ મામલે નામદાર હાઈકોર્ટમાં પિટિશન દાખલ કરશે.



**એસ.જે. વિદ્યાસંકુલમાં ૨૬ જાન્યુઆરીની ભવ્ય ઉજવણી કરાઈ. ધ્વજવંદન બાદ બાળકોએ રોબોટિક્સ ડાન્સ અને હનુમાન ચાલીસા જેવી કૃતિઓ રજૂ કરી હતી. લાયન્સ ક્લબના સહયોગથી ખેલમહાકુંભના વિજેતા ખેલાડીઓને ઈનામ આપી પ્રોત્સાહિત કરાયા હતા. શાળા પરિવારે સૌનો આભાર માન્યો હતો. રિપોર્ટ : કિરણકુમાર ગોહેલ**